નો ફેવર, નો ફિઅર...


# સામના મિરર




કોર્પોરેટરોની ગ્રાન્ટ હવે માત્ર બાકડા, સાઈન બોર્ડ, પેવીંગ બ્લોક નહીં પણ અનેક સુવિધામાં વાપરી શકાશે

જુઓ પેજ નં.૬
RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :22 JANUARY 2025 | WEDNESDAY | Page :8 | Year : 2 | Issue :247 | Price: 2/-



# ગુજરાત સ્થાનિક સ્વરાજ ચૂંટણીની તારીખો જાહેર

## ૧૬ ફેબ્રુઆરીએ મતદાન, ૧૮મીએ મતગણતરીઃ જૂનાગઢ મહાનગર પાલિકા, ૬૬ નગર પાલિકા, ૩ તાલુકા પંચાયતની ચૂંટણી યોજવામાં આવશે

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તારીખો જાહેર થઈ ચૂકી છે. રાજ્ય ચૂંટણી આયોગ કમિશ્નર ડૉ. એસ. મુરલી ક્રિષ્નાએ પ્રેસ કોન્ફરન્સ કરીને તારીખો જાહેર કરી છે. જે અનુસાર, ૧૬ ફેબ્રુઆરીના રોજ મતદાન થશે. જ્યારે ૧૮ ફેબ્રુઆરીના રોજ મતગણતરી યોજવામાં આવશે. ધાનેરા નગરપાલિકાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર નથી કરાયો.

રાજ્ય ચૂંટણી આયોગના કમિશ્નર ડૉ. એસ. મુરલી ક્રિષ્નાએ જણાવ્યું છે કે, રાજ્યમાં જૂનાગઢ મહાનગર પાલિકા, ૬૬ નગર પાલિકા, ૩ તાલુકા પંચાયતની ચૂંટણી યોજવામાં આવશે. આ સિવાય અમદાવાદ, ભાવનગર, સુરત મહાનગર પાલિકાની ૩ ખાલી પડેલ બેઠકની ચૂંટણી યોજાશે. ખેડા જિલ્લા પંચાયતની ચૂંટણી હાલ જાહેર નથી કરાઈ. આ સિવાય ધાનેરા નગરપાલિકાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર નથી કરાયો. બોરસદ, સોજીત્રા જેમાં ની ભલામણ મુજબ હજી રિઝર્વેશન નક્કી થયું નથી. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જેમાં ૧૯ લાખ જેટલા મતદારો મત આપશે.

ગ્રામ પંચાયતની અટવાયેલી ચૂંટણી બાબતે ડૉ મુરલી ક્રિષ્નાએ કહ્યું કે, 'ઝવેરી કમિશને રાજ્ય સરકારને રિપોર્ટ રજૂ કર્યો હતો. સરકારે રાજ્ય ચૂંટણી પંચને દોઢ મહિના અગાઉ જ રિપોર્ટ આપ્યો હતો જેની કાર્યવાહી ચાલુ છે.'

નોંધનીય છે કે, રાજ્યમાં આવનારી સ્થાનિક ચૂંટણીઓમાં ૨૭ ટકા ઓબીસી, ૧૪ ટકા એસટી અને ૭ ટકા એસસી અનામત બેઠકો રહેશે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૨૭ ટકા અનામતના અમલ સાથે ગુજરાતમાં પહેલીવાર ચૂંટણી જાહેર થઈ છે. અલબત્ત ગ્રામ પંચાયતોમાં હજી પણ વહીવટદારનું રાજ કાયમ રહેશે. રાજ્યમાં છેલ્લા બે વર્ષથી ખેડા અને બનાસકાંઠા જિલ્લા પંચાયત, ૧૭ તાલુકા પંચાયત, ૭૫ નગર પાલિકા અને ૫૩૯ નવી ગ્રામ પંચાયતો સાથે કુલ ૪૭૬૫ની ચૂંટણીઓ થઈ શકી નથી.

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તારીખો જાહેર થઈ ચૂકી છે. રાજ્ય ચૂંટણી આયોગ કમિશ્નર ડૉ. એસ. મુરલી ક્રિષ્નાએ પ્રેસ કોન્ફરન્સ કરીને તારીખો જાહેર કરી છે. જે અનુસાર, ૧૬ ફેબ્રુઆરીના રોજ મતદાન થશે. જ્યારે ૧૮ ફેબ્રુઆરીના રોજ મતગણતરી યોજવામાં આવશે. ધાનેરા નગરપાલિકાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર નથી કરાયો.

### સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો કાર્યક્રમ

ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૧ ફેબ્રુઆરી ૨૦૨૫
ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ ૩ ફેબ્રુઆરી ૨૦૨૫
ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ ૪ ફેબ્રુઆરી ૨૦૨૫
મતદાનની તારીખ ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૫ (રવિવાર)
મતદાનનો સમય સવારે ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી
મતગણતરીની તારીખ ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ (મંગળવાર)

# છત્તીસગઢમાં કમાન્ડર જયરામ સહિત ૨૦ નક્સલ ઠાર, તેના માથે એક કરોડનું ઈનામ હતું

છત્તીસગઢના ગારિયાબંદમાં છેલ્લા ૩૬ કલાકથી નક્સલવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ચાલી રહેલી અથડામણમાં કુલ ૨૦ નક્સલવાદીઓ માર્યા ગયા છે. સુરક્ષા દળોએ મોટાપ્રમાણમાં હથિયારો પણ જપ્ત કર્યા છે. કુલ્હાડીઘાટના ભાલુડિગ્ગીના પહાડો પર સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ જારી છે.અથડામણ બાદ હાથ ધરાયેલા સર્ચ ઓપરેશનમાં ગઈકાલે બે નક્સલવાદીઓના શબ મળ્યા હતા. જેમાં એક મહિલા સામેલ હતી. આજે(૨૧



જાન્યુઆરી, ૨૦૨૫) સવારે વધુ ૨૦ નક્સલવાદીઓના શબ કબજે કરી લેવાયા છે. તેમની પાસેથી અનેક ઓટોમેટિક હથિયારો પણ મળી આવ્યા છે. સૂત્રો અનુસાર, ઓડિશા સ્ટેટના નક્સલવાદી ચીફ કે જેના માથે એક કરોડનું ઈનામ છે તે જયરામ ઉર્ફ ચલપતી પણ ઠાર થયો છે. સીસીએમ મનોજ અને ગુડ્ડુ પણ માર્યા ગયા હોવાના અહેવાલ છે. અથડામણમાં એક સુરક્ષાકર્મી ઘાયલ થયો છે. જેને એરલિફ્ટ કરી રાયપુર લાવવામાં આવ્યો છે. આ જોઈન્ટ ઓપરેશન (ઓડિશા-છત્તીસગઢ સુરક્ષાદળ)માં સામેલ લગભગ ૧ હજાર જવાનો નક્સલવાદીનો ખાતમો બોલાવી રહ્યા છે. ઓડિશા-છત્તીસગઢના સુરક્ષા દળોની કુલ ૧૦ ટીમે નક્સલવાદીઓ વિરુદ્ધ જોઈન્ટ ઓપરેશન હાથ ધર્યું છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૫ ફેબ્રુઆરીના મહાકુંભ મેળામાં શાહી સ્નાન કરશે

હાલ પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળામાં એક બાદ એક ટોચના રાજનેતાઓ શાહી સ્નાન કરવા જઈ રહ્યા છે. કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંઘે ગત સપ્તાહે જ શાહી સ્નાન કર્યું હતું. તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૫ ફેબ્રુઆરીના રોજ શાહી સ્નાન કરશે. આ પૂર્વે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તા.૨૭ જાન્યુઆરીના શાહી સ્નાન કરશે, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ પણ તા.૧ ફેબ્રુઆરીએ કુંભમેળામાં સ્નાનમાં ભાગ લેશે.



તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# પાયરેસીની બોલબાલા, છેતરાતા ગ્રાહકો




મનોરંજન ઉદ્યોગ ખાસ કરીને બોલીવૂડ પાયરેસીના ન્યૂસંસથી બહુ ત્રસ્ત છે. વારંવારની રજૂઆતો અને અનેક વાર ગુનેગારો પકડાયા હોવા છતાં ફિલ્મોની પાયરેસી અટકરાવી શકાઇ નથી. જ્યારે સીડીનો જમાનો હતો ત્યારે પાયરેટેડ સીડી શોધવા લોકો નીકળતા હતા. દરેકને ખબર હતીકે પાયરેટેડ સીડી કોની પાસે મળશે. પરંતુ પોલીસને તેની ખબર નથી હોતી.

ત્યારબાદ પેન ડ્રાઇવ આવી અને હવે તો સોશિયલ નેટવર્ક પર વિના રોકટોક પાયરેટેડ ફિલ્મો અને સોંગની લેતી દેતી જોવા મળી રહી છે.પાયરેસી કરનારા પકડાય છે ત્યારે કાયદાની વિવિધ છટકબારીઓ મારફતે છૂટી જાય છે.

પાયરેસી કરવી એ એકલ દોકલનું કામ નથી હોતું. એક આખી ગેંગ તેમાં સક્રીય હોય છે. કરોડોની હેરાફેરી કરતી ગેંગમાં કોમ્પ્યુટરના જાણકારો, વિવિધ શહેરોમાં ડિસ્ટ્રીબ્યુટરો અને તેને નવું કંઇક જોવાની ઉચ્છા રાખતા વપરાશકારો સુધી પહોંચાડતા લોકો હોય છે.

લાખો લોકો પાયરેટેડ ડિસ્ટ્રીબ્યુટરોને સ્ટેન્ડીંગ સૂચના આપે છે કે નવી ફિલ્મ કે સોંગની પાયરેટેડ ચીજો આવેતો મોકલી આપવી. પાયરેટેડ અને ઓરીજીનલ વચ્ચે બહુ ફેર નથી હોતો. સાઉન્ડ સિસ્ટમ અને ફિલ્મની ક્વોલિટી પાયરેટેડમાં થોડી નબળી હોય છે.

પાયરેસી વાળી ચીજો સસ્તી હોય છે અને લેટેસ્ટ વિગતો વાળી હોય છે એમ માનનારાઓને એ પણ ખબર હોય છે કે તે આડકતરી રીતે ગેરકાયદે ચાલતા ધંધાને ટેકો આપી રહ્યો છે.

પરંતુ દરેકને અન્યો કરતાં વહેલી ફિલ્મ જોવાનો ક્રેઝ હોઇ પાયરેસી કરનારાનો ધંધો વિકસી રહ્યો છે એમ કહી શકાય.

એક અહેવાલ અનુસાર મનોરંજન ઉદ્યોગને ૨૦૨૩માં ૨૨,૪૦૦ કરોડ રૂપિયાનો ફટકો પાયરેસી કરનારાઓએ માર્યો છે. મોટા શહેરો અને ટાઉન લેવલે પાઇરેટેડ ફિલ્મો અને સોંગ વગેરેની ડિમાન્ડ બહુ મોટા પાયે જોવા મળે છે. પહેલાં સેકસી ફિલ્મો વગેરેની ડિમાન્ડ હતી પરંતુ ઇન્ટરનેટ આવ્યા પછી આવી ચીજો આસાનીથી ઉપલબ્ધ થવા લાગી છે.

ઈન્ટરનેટ અને મોબાઇલ એસોસીયેશન ઓફ ઇન્ડિયાએ કહ્યું છે કે ઇન્ટરનેટ પર મુકાતી વિગતોમાં ૫૧ ટકા તો પાઇરેટેડ વિગતોમાંથી ઉઠાંતરી કરાઇને મુકાઇ હોય છે. ભારતમાં પાઇરેટેડનું તંત્ર ૨૨,૪૦૦ કરોડનું નોંધાયું છે. જેમાં ૧૩,૭૦૦ કરોડ પાઇરેટેડ ફિલ્મો જ્યારે ૮,૭૦૦ કરોડ ઓટીટી પ્લેટફોર્મમાંથી આવક ખેંચવામાં આવે છે.પાઇરેટેડ ચીજોમાં માત્ર ફિલ્મો કે સોંગ જોવા મળે છે એવું નથી સોફ્ટવેર અને અન્ય ઇન્ટેક્ચ્યુઅલ પ્રોપર્ટીની ચીજોમાં પણ જોવા મળે છે. પાઇરેટેડ સોફ્ટવેરનો બિઝનેસ તો બહુ મોટા પાયે ચાલે છે.

સોફ્ટવેર ઉદ્યોગમાં ચાલતા પેટન્ટ યુધ્ધમાં પણ પાયરેસીના આક્ષેપ થાય છે. અનેક સોફ્ટવેર એવા છે કે તે પાયરેસી સાથે સંકળાયેલા છે કે કેમ તેની વપરાશકરનારાને ખબર પણ નથી હોતી. જાયન્ટ ઇન્ટરનેટ કંપનીઓ સામે પણ અન્ય લોકોની પેટન્ટનો ઉપયોગ કરવાના કેસ ચાલે છે. કોઇએ કરેલી ક્રીયેશનને ચોરી લેવાનો ધંધો મોટી કંપનીઓ પણ કરતી હોય છે. જ્યારે તે કોર્ટમાં હારે છે ત્યારે દંડ ભરીને છૂટી જાય છે. એક અહેવાલ અનુસાર ભારતમાં ડિજીટલ મનોરંજન ઉદ્યોગ બહુ મોટા પાયે આગળ વધી રહ્યો છે પરંતુ પાઇરિસી કરનારાનું ગ્રહણ તેના પર લાગેલું છે. એક અંદાજ પ્રમાણે ૨૦૨૬ સુધીમાં ડિજીટલ મનોરંજનનો ઉદ્યોગ ૧૪,૬૦૦ કરોડ રૂપિયાને આંબી જશે. કેટલાક લોકોને પાઇરિસીવાળી ચીજો ખરીદવી તે ગુનો છે એમ લાગતું નથી.

# દિલ્હીમાં તડકો ખિલતા ઠંડીમાં રાહત કાશ્મીર, હિમાચલમાં બરફવર્ષા યથાવત રાજસ્થાનમાં ધુમ્મસ




નવી દિલ્હી તા.૨૧

રાજધાની દિલ્હી સહિત દેશભરના અનેક રાજ્યોમાં હવામાન દરરોજ નવા રંગરૂપ લઈ રહ્યું છે. છેલ્લા બે દિવસથી તડકાને કારણે દિલ્હી-એનસીઆરમાં કડકડતી ઠંડીમાં રાહત મળી છે, જ્યારે હિમાચલપ્રદેશ અને ઉતરાખંડ જેવા રાજ્યોમાં બરફવર્ષા ચાલુ છે. આ સાથે જ રાજસ્થાન, પંજાબ અને હરિયાણામાં ઠંડી અને ધુમ્મસ જળવાઈ રહ્યું છે. દિલ્હી-એનસીઆરમાં વરસાદના એંધાણ દિલ્હી-એનસીઆરમાં બે દીથી તડકાના કારણે તાપમાન વધ્યુ છે અને કડકડતી ઠંડીમાં રાહત મળી છે. હવામાન વિભાગ અનુસાર આવતીકાલથી દિલ્હીનું હવામાન બદલી શકે છે. આવતીકાલે વરસાદનું એલર્ટ જાહેર કરાયું છે.

કાશ્મીરમાં ઠંડીએ કહેર વરસાવ્યો છે. સોમવારે ખીણમાં શૂન્યથી નીચે અનેક ડિગ્રી તાપમાન ચાલ્યું ગયું હતું. હવામાન વિભાગે એલર્ટ કર્યું હતું કે આગામી ૭૨ કલાકમાં બરફ વર્ષા થઈ શકે છે. શ્રીનગરમાં રવિવારે રાત્રે પારો માઈનસ ૩.૨ ડીગ્રીએ પહોંચી ગયો હતો. રાજસ્થાનના અનેક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાયેલું છે. પાલીમાં ન્યુનતમ તાપમાન ૬.૮ ડીગ્રી સેલ્સીયસ નોંધાયું હતું. અહીં પણ ઠંડીનો પ્રકોપ ચાલુ છે. અનેક જગ્યાએ ધુમ્મસ છવાયેલું હતું. અમૃતસર સૌથી ઠંડુ રહ્યું હતું. અહીં ન્યુનતમ તાપમાન ૪.૮ ડીગ્રી નોંધાયું હતું. યુપી-બિહારમાં કેટલીક જગ્યાએ વરસાદનું એલર્ટ છે, જેના કારણે ઠંડી ફરી વધી શકે છે.

# આધાર ફેસ ઓથેન્ટિકેશન ટ્રાન્ઝેકશન ૧૦૦ કરોડને પાર : પાંચ મહિનામાં આંકડો બમણો થયો




નવી દિલ્હી તા. ૨૧

ના ચેરમેન, નીલકંઠ મિશ્રાએ જણાવ્યું હતું કે, -આધાર દ્વારા વિકસાવવામાં આવેલ એઆઈ/એમએલ આધારિત ફેસ ઓથેન્ટિકેશન સોલ્યુશન, જે વર્ષ ૨૦૨૧ના ઓક્ટોબરમાં પ્રથમવાર શરૂ કરવામાં આવ્યું હતું તે હાલ ૧૦૦ કરોડ ટ્રાન્ઝેકશનો પાર કરી ચુક્યું છે. ફેસ ઓથેન્ટિકેશન ટ્રાન્ઝેકશન આકડા પર નજર કરીએ તો છેલ્લા ૫ મહિનામાં ૫૦ કરોડથી વધીને ૧૦૦ કરોડ સુધી પહોંચ્યા છે. આ સિદ્ધિ આધારની ભૂમિકા અને મહત્વને પુનપ્રતિષ્ઠિત કરે છે. ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના સચિવ એસ.કૃષ્ણ અને ના સીઈઓ ભુવનેશ કુમારે તેમના સંબોધનમાં આધારની સ્વીકૃતિ અને ઉપયોગને પ્રોત્સાહન આપતા જણાવ્યું હતું કે, આધાર ભારતના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેનું મહત્વનો સ્તંભ છે. આધાર ફેસ ઓથેન્ટિકેશન માટે સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં ૯૨ એન્ટિટીઓ દ્વારા ઉપયોગમાં લેવાઈ રહી છે. યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ઉપક્રમે ગુજરાત સહિત તમામ રાજ્યોના , ફિનટેક અને ટેલિકોમ ક્ષેત્રોના ઉદ્યોગકારો સાથે મુંબઈ ખાતે આધાર સંવાદ યોજાયો હતો.

જેમાં આધારનો ઉપયોગ કરીને સેવાનો વધુ સારો અને ઝડપી વિતરણ કેવી રીતે શક્ય બની શકે છે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમને મહારાષ્ટ્ર સરકારના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં બેંકો, વીમા કંપનીઓ, એનપીસીઆઈ, બજાર મધ્યસ્થો, ટેલિકોમ સેવા પ્રદાતાઓ અને ફિનટેક સહિતના ૫૦૦ જેટલા ઉદ્યોગકારો, નિષ્ણાતો અને ટેકનેક્રેટ્સ ભાગ લીધો હતો.

# બીકોમ સેમ. ૩નુ પરિણામ મોડું આવી શકે!

## ૨૪ લાખનું પેમેન્ટ અટકતા ગ્રાન્ટેડ કોલેજોના અધ્યાપકોએ પેપર ચેકિંગનો બહિષ્કાર કર્યો, શુક્રવાર સુધીમાં પેમેન્ટ થઈ જશેઃ રજીસ્ટ્રાર

રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્નાતકમાં અભ્યાસ કરતા સેમેસ્ટર ૩ના ૫૪,૯૧૬ વિદ્યાર્થીઓની પરીક્ષા ગત મહિને લેવામાં આવી હતી. એટલે કે, ૧૬ ડિસેમ્બરથી આ પરીક્ષા શરૂ થઈ હતી. આ પરીક્ષામાં સૌથી વધુ બી.એ અને બી.કોમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ હતા. બીએમાં ૨૦,૮૮૧ તો બીકોમમાં ૧૭,૪૨૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેના પેપર ચેકિંગના ઓર્ડર બે દિવસ પહેલા કરવામાં આવ્યા હતા. પરંતુ તેમાં ગ્રાન્ટેડ કોલેજોના અધ્યાપકોએ પેપર ચેકિંગ કરવાની મનાઈ ફરમાવી દીધી હતી અને ત્યારબાદ સમગ્ર મામલો ગરમાયો હતો.

આજે (૨૧ જાન્યુઆરી) આ મુદ્દે ઈન્ચાર્જ રજીસ્ટ્રારની અધ્યક્ષતામાં એક બેઠક મળી હતી. જેમાં સામે આવ્યું છે કે, ૨૫૦ જેટલા બિલનું રૂ. ૨૪ લાખ જેટલું પેમેન્ટ અધ્યાપકોને ચૂકવવાનું બાકી છે. જોકે, આ સમગ્ર મામલે કુલપતિ ડૉ. ઉત્પલ જોશીએ દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે, મહેનતાણું બાકી હોવાને કારણે અધ્યાપકો પેપર ચેકિંગ ન કરે તેવું તો ન હોય. છતાં આ બાબતે તપાસ કરી લઈશ અને અમૂક ટેકનિકલ કારણોને લીધે બિલ ચૂકવવાના બાકી રહી ગયા હશે, જે વહેલાસર ચૂકવવામાં આવશે. મળતી વિગતો મુજબ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્નાતકમાં સેમેસ્ટર ૩માં અભ્યાસ કરતા ૫૪,૯૧૬ વિદ્યાર્થીઓની પરીક્ષા ગત ડિસેમ્બર માસમાં લેવામાં આવી હતી. જેમાં બીકોમ સેમેસ્ટર-૩માં સૌથી વધુ ૧૭,૪૨૪ વિદ્યાર્થીઓ હતા. જેમાં રેગ્યુલરમાં અભ્યાસ કરતા ૧૬,૯૩૦ તો એક્સટર્નલ અભ્યાસ કરતા ૪૯૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ડિસેમ્બર માસમાં લેવાયેલી સેમેસ્ટર ૩માં જે કોર્સમાં ઓછા વિદ્યાર્થીઓ હતા, તેઓના પેપર ચેકિંગની કામગીરી પૂર્ણ થવાના આરે છે. પરંતુ સૌથી મોટી કોમર્સ ફેકલ્ટીના બીકોમ સેમેસ્ટર ૩ના પેપરની ચકાસણી માટેના ઓર્ડર બે દિવસ પહેલા આપવામાં આવ્યા હતા. જે દરમિયાન અધ્યાપકો કનવેન્શન સેન્ટર ખાતે પહોંચ્યા તો હતા, પરંતુ જૂનું પેમેન્ટ ચૂકવવાનું બાકી હોવાથી ગ્રાન્ટેડ કોલેજોના અધ્યાપકોએ પેપર ચેકિંગનો બહિષ્કાર કર્યો હતો. આ પ્રકારની સમસ્યા અન્ય અધ્યાપકોને પણ છે પરંતુ તે ફેકલ્ટીમાં ખાનગી કોલેજોના અધ્યાપકો હોવાથી તેઓ ડરને કારણે વિરોધ કરી રહ્યા ન હોવાનુ પણ જાણવા મળી રહ્યું છે.

# બોર્ડર પર વધ્યો તણાવ, બાંગ્લાદેશીઓનો BSFના જવાનો પર પથ્થરમારો, એક જવાન ઘાયલ

ભારત-બાંગ્લાદેશ વચ્ચે વણસી રહેલા સંબંધો વચ્ચે બોર્ડર પર પણ તણાવ જોવા મળી રહ્યો છે. આ દરમિયાન સોમવારે (૨૦ જાન્યુઆરી) કૂચબિહારના નારાયણગંજ બોર્ડર ચોકી પર કેટલાક બાંગ્લાદેશી તસ્કરોએ બોર્ડર સિક્યુરિટી ફોર્સ () ના જવાનો પર પથ્થરમારો કર્યો હતો. આ ઘટનામાં એક જવાનને માથાના ભાગે ગંભીર ઈજા થઈ છે. હકિકતમાં, ભારત-બાંગ્લાદેશ બોર્ડર પર તસ્કરોના એક મોટા જૂથે ભારતીય સીમામાં ગેરકાયદે ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો અને તેમના ભારતીય સહયોગીઓની મદદથી કેટલીક પ્રતિબંધિત વસ્તુઓની તસ્કરી કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, બોર્ડર પર તહેનાત બીએસએફના જવાનોએ તસ્કરોની ગેરકાયદે ઘૂસણખોરી કરવાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. બીએસએફના જવાનોએ ભારતમાં ગેરકાયદે ઘૂસણખોરીનો પ્રયાસ કરનારા તસ્કરોની તેમની ગેરકાયદે ગતિવિધિઓ બંધ કરવા અને બાંગ્લાદેશના ક્ષેત્રમાં પરત ફરવા ચેતવણી આપી હતી. જોકે, બાંગ્લાદેશી બદમાશોએ જવાનોની અનેક ચેતવણીઓ પછી પણ પોતાની ગેરકાયદે ગતિવિધિઓ અટકાવી નહોતી અને પછી અચાનક જવાનો પર પથ્થરમારો કર્યો હતો.

## મહિલા તાલીમાર્થી ડોક્ટર પર દુષ્કર્મ કરનારને ફાંસીની સજા થવી જોઇએ મમતા બેનર્જી

કોલકાતાઃ પશ્ચિમ બંગાળ સરકારે આરજી કાર મેડિકલ કોલેજ બળાત્કાર અને હત્યા કેસમાં સંજય રોયને આજીવન કેદની સજા આપવાનાં કોર્ટના નિર્ણય સામે મમતા બેનર્જીએ કલકત્તા હાઇકોર્ટમાં અરજી કરી છે. એડવોકેટ જનરલ કિશોર દત્તાએ જસ્ટિસ દેવાંશુ બસાકની ડિવિઝન બેંચમાં સંજય રોયને ફાંસીની સજાની માંગ કરતી અરજી દાખલ કરી છે. કેસ દાખલ કરવાની પરવાનગી આપવામાં આવી છે. અગાઉ, કોલકાતા હાઇકોર્ટે મંગળવારે પશ્ચિમ બંગાળ સરકારને આરજી કાર હોસ્પિટલના ડોક્ટરના બળાત્કાર અને હત્યા કેસમાં સંજય રોયને આજીવન કેદની સજા ફટકારી હતી. કોર્ટના આદેશ સામે અપીલ દાખલ કરવાની મંજૂરી આપી હતી. એડવોકેટ જનરલ કિશોર દત્તાએ જસ્ટિસ દેબાંગસુ બાસાકની આગેવાની હેઠળની ડિવિઝન બેંચમાં અપીલ દાખલ કરવા વિનંતી કરી હતી, જેમાં કેસના એકમાત્ર દોષિત રોયને મૃત્યુદંડની માંગ કરવામાં આવી હતી.

# દેશની સરકારી વીમા કંપનીઓ ટુંક સમયમાં બધા પ્રકારની વીમા પ્રોડક્ટ વેચી શકશે

## નવી પ્રણાલીથી ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોને ફાયદો થશે

નવી દિલ્હી તા.૨૧

દેશમાં સરકારી વીમા કંપનીએ પણ ટુંક સમયમાં જ બધા પ્રકારના વીમા ઉત્પાદનો વેચી શકશે. તેના માટે કેન્દ્ર સરકારે નવા વીમા સંશોધન વિધેયક ૨૦૨૪માં સમગ્ર લાયસન્સ પ્રદાન કરવાનો પ્રસ્તાવ રાખ્યો છે. ટુંક સમયમાં જ તેને મંજુરી મળવાની આશા છે. તેના માધ્યમથી સરકારી વીમા કંપનીઓ હવે જીવન અને બિનજીવન વીમા ઉત્પાદનોને એક જ લાયસન્સ અંતર્ગત વેચી શકશે. આથી ગ્રામીણ ક્ષેત્રોમાં રહેતા લોકોને




સીધો ફાયદો પહોંચશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે સરકાર જાહેર અને ખાનગી ક્ષેત્રની વીમા કંપનીઓને સમાન અવસર આપવા માંગે છે.

અધિકારીઓનું કહેવું છે કે આથી ગ્રામીણ અને અર્ધ શહેરી ક્ષેત્રોમાં વીમા ઉત્પાદનોની પહોંચ વધશે. કારણ કે આ ક્ષેત્રોમાં સરકારી વીમા કંપનીઓની વ્યાપક પહોંચ છે. એક જ કંપનીના વ્યાપક ઉત્પાદનોની પ્રાપ્યતા ગ્રાહકો માટે સુવિધાજનક હશે. ગ્રાહકોને અલગ અલગ વીમા કંપનીઓ પાસે જવાની જરૂરત નહીં પડે, જેથી સમય અને પ્રયાસની બચત થશે. સરકારનું લક્ષ્ય સરકારનું લક્ષ્ય ૨૦૪૭ સુધીમાં ભારતમાં બધા માટે વીમાનું સપનુ સાકાર કરવાનું છે, તેનો અર્થ એ છે કે દરેક નાગરિકને વ્યાજબી અને સુલભ વીમા સેવાઓ પ્રદાન કરવામાં આવશે. સમગ્ર લાઇસેંસીંગ આ લક્ષ્યને મેળવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. વિશેષજ્ઞોનું માનવુ છે કે આ સીસ્ટમ વીમા ઉદ્યોગને આધુનિક બનાવવા અને નવા રોકાણોને આકર્ષિત કરવામાં મદદ કરશે.

# પીલીભીત ફેક એન્કાઉન્ટરનો બદલો ખાલિસ્તાનીઓએ મહાકુંભમાં લીધો




## ઝિંદાબાદ ફોર્સે ઈમેલ મોકલીને અગાઉ થયેલા ૨ બ્લાસ્ટની જવાબદારી લીધી

આતંકવાદી સંગઠન ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સ () એ પ્રયાગરાજ મહાકુંભ મેળા દરમિયાન ૨ સિલિન્ડર બ્લાસ્ટની ઘટનાની જવાબદારી લીધી છે. સંગઠને આ અંગે કેટલીક મીડિયા સંસ્થાઓને ઈ-મેલ મોકલ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે આ પીલીભીત ફેક એન્કાઉન્ટરનો બદલો છે. આ માત્ર શરૂઆત છે. તમને જણાવી દઈએ કે રવિવારે સાંજે લગભગ ૪ વાગ્યે શાસ્ત્રી બ્રિજ પાસે સેક્ટર-૧૯માં ગીતા પ્રેસના કેમ્પમાં બે સિલિન્ડર બ્લાસ્ટને કારણે આગ ફાટી નીકળી હતી. આ ભીષણ આગમાં ગીતા પ્રેસના ૧૮૦ ટેન્ટ બળીને ખાક થઈ ગયા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર ગીતા પ્રેસના રસોડામાં નાના સિલિન્ડરમાંથી ચા બનાવતી વખતે સિલિન્ડર લીક થઈ ગયું અને આગ લાગી. આ પછી ૨ સિલિન્ડર ફાટ્યા. જોકે,આ ઈ-મેલની સત્યતાની પુષ્ટિ કરતું નથી. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.આગ ઓલવવા માટે ફાયર બ્રિગેડની ૧૨ ગાડીઓ મોકલવામાં આવી હતી, જેણે એક કલાક (૫ વાગ્યા)માં આગને કાબૂમાં લીધી હતી. આમાં કોઈ જાનહાનિ થઈ નથી. ત્યારે અધિકારીઓએ તેને આગની ઘટના ગણાવી હતી.

આતંકવાદી સંગઠન દ્વારા મોકલવામાં આવેલા ઈ-મેલમાં કહેવામાં આવ્યું છે કે, 'ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સ કુંભ મેળા દરમિયાન થયેલા ડબલ બ્લાસ્ટની જવાબદારી લે છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય કોઈને નુકસાન પહોંચાડવાનો ન હતો. જોગી (ના યોગી આદિત્યનાથ) અને તેમના કૂતરા માટે આ માત્ર એક ચેતવણી હતી.પીલીભીત નકલી એન્કાઉન્ટરમાં અમારા ૩ ભાઈઓની હત્યાનો બદલો લેવા ખાલસા તમારી ખૂબ નજીક છે. આ તો માત્ર શરૂઆત છે. ઈ-મેલમાં ફતેહ સિંહ બાગીનું નામ લખવામાં આવ્યું છે.૨૪ ડિસેમ્બરે, પોલીસે યુપીના પીલીભીતમાં ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. પંજાબમાં પોલીસ ચોકી પર ગ્રેનેડ હુમલાનો આરોપી પીલીભીત ભાગી ગયો હતો. પંજાબ પોલીસે પીલીભીત પોલીસને જાણ કરી હતી કે આરોપીઓ જિલ્લામાં છુપાયેલા છે, જેના પગલે પોલીસે નાકાબંધી અને ચેકિંગ ઓપરેશન શરૂ કર્યું. આ દરમિયાન, આરોપીઓએ પોલીસ પર ગોળીબાર શરૂ કરી દીધો, પોલીસ દ્વારા કરવામાં આવેલા જવાબી ફાયરિંગમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા. તેમની ઓળખ જસપ્રીત સિંહ, ગુરવિંદર સિંહ અને વીરેન્દ્ર સિંહ તરીકે થઈ છે. પોલીસે તેમની પાસેથી બે -૪૭ રાઈફલ અને બે વિદેશી પિસ્તોલ પણ જપ્ત કરી છે. છેલ્લાં ૪ વર્ષમાં પંજાબ, હરિયાણા, ઉત્તરાખંડ અને યુપીમાં ઘણી વખત ભારત વિરોધી અને ખાલિસ્તાન તરફી અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. જેમાં સરકારી ઈમારતો, શાળાઓ અને ગુરુદ્વારાની બહાર પોસ્ટરો, બેનરો અને ભડકાઉ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

# દેશનો પ્રથમ વર્ટિકલ લિફ્ટ અપ બ્રિજ તૈયાર, ચીનની પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખવામાં મળશે મદદ

દેશનો પ્રથમ વર્ટિકલ લિફ્ટ અપ બ્રિજ ફરી એકવાર પરિવહન માટે તૈયાર થઈ ચૂક્યો છે. ભારતના પવિત્ર તીર્થ સ્થળ રામેશ્વરમને ટ્રેન મારફત જોડતો પંબન બ્રિજનું રિકંસ્ટ્રક્શન પૂર્ણ થયું છે. આ સાથે ભારત ચીનની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખી શકશે. શ્રીલંકાના હંબનટોટામાં ચીન અમુક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરી રહ્યું છે. જેથી પંબન બ્રિજ તૈયાર થઈ જતાં હવે હંબનટોટા પર ચીનની ગતિવિધિઓની નજર રાખી શકાશે.



બ્રિટિશ કાર્યકાળ દરમિયાન ૧૯૧૪માં પંબન બ્રિજનું નિર્માણ થયું હતું. પરંતુ તેનો અમુક ભાગ જર્જરિત થતાં અને ખામી સર્જાતાં ૨૦૨૨માં આ ટ્રેન બ્રિજને સમારકામ અર્થે બંધ કરવામાં આવ્યો હતો. હવે તેનું સમારકામ પૂર્ણ થઈ ચૂક્યું છે. જેથી ફરી એકવાર રામેશ્વરમ જતાં શ્રદ્ધાળુઓ અને મુલાકાતીઓ ટ્રેન મારફત મુસાફરી કરી શકશે. નવો તૈયાર બ્રિજ આગામી ૧૦૦ વર્ષ સુધી સુરક્ષિત રહેશે.


ડિસેમ્બર, ૨૦૨૨થી જૂના પંબન બ્રિજ પર સંપૂર્ણ અવરજવર બંધ કરાતાં રામેશ્વરમ જતી ટ્રેનો અટકાવાઈ હતી. રામેશ્વરમ અને ધનુષકોડી જેવા ઐતિહાસિક સ્થળોની મુલાકાત માટે રોજની ૨૦ ટ્રેનો સંચાલિત હતી. રોજના ૯૦૦૦થી વધુ મુલાકાતીઓ ટ્રેન મારફત મુલાકાત લેતા હતા. ૧૯૮૮ સુધી મંડપમ અને રામેશ્વરમ વચ્ચેનું એકમાત્ર ટ્રેન કનેક્શન પંબન બ્રિજ હતું. બાદમાં અન્નાઈ ઈન્દિરા ગાંધી રોડ બ્રિજ નામનો રોડ બ્રિજ પુલ નજીક બનાવવામાં આવ્યો હતો. મંડપમ રામેશ્વરમથી ૨૦ કિમી દૂર છે તદુપરાંત રામેશ્વરમમાં અત્યંત પૂરઝડપે વહેતી હવાઓનું આંકલન કરતું સિગ્નલ પણ મુકવામાં આવ્યું છે. વિન્ડ સ્પીડ સિગ્નલ ૫૦ કિમીથી વધુ સ્પીડે ચાલતી હવા અંગે માહિતી આપશે, જેથી તુરંત જ ટ્રેન અટકી જશે. આ બ્રિજની લંબાઈ ૨.૨ કિમી છે. જે સમુદ્ર તટથી ૨૨ મીટરની ઊંચાઈએ સ્થિત છે.

# ગુજરાતના ૪૪ પ્રવાસન સ્થળોને જોડતાં ૫૮ માર્ગો અપગ્રેડ કરાશે, ટુરીઝમ ઈન્ડસ્ટ્રીને મળશે પ્રોત્સાહન

રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિને ગતિશીલ બનાવીને વધુમાં વધુ પ્રવાસીઓને આકર્ષિત કરવા પ્રવાસન સ્થળોને જોડતાં માર્ગોની સુધારણાના અભિગમ સાથે રાજ્યના ૪૪ પ્રવાસન સ્થળોને જોડતાં રાજ્ય અને પંચાયત હસ્તકના કુલ ૫૮ હયાત માર્ગોના અપગ્રેડેશન, વાઈડનિંગ અને સ્ટ્રેન્થનિંગના કામો માટે ૨૨૬૮.૯૩ કરોડ મંજૂર કર્યા છે.

આ મહત્ત્વપૂર્ણ નિર્ણયને પગલે ટુરીઝમ ઈન્ડસ્ટ્રીને બુસ્ટ મળશે અને વોકલ ફોર લોકલ ધ્યેય અંતર્ગત સ્થાનિક હસ્તકલા કારીગરીના અને ગૃહ ઉત્પાદનોના વેચાણમાં વૃદ્ધિ થવાથી જે તે વિસ્તારના લોકોનું જીવન ધોરણ સુધરશે.

રાજ્યના મહત્ત્વના પ્રવાસન સ્થળોને જોડતાં રસ્તાઓની સર્કિટના વિકાસ દ્વારા આવા પ્રવાસન સ્થળોની કનેક્ટિવિટી અને સુલભતા વધારવાનો અભિગમ પણ રાખ્યો છે.



૫૮ માર્ગોની સુધારણાથી આ અભિગમને વેગ મળવા સાથે પ્રવાસીઓને સારું અને વધુ કાર્યક્ષમ રોડ નેટવર્ક મળશે. જેના લીધે મુસાફરોનો સમય અને ખર્ચ ઘટશે. આ સાથે સાથે કનેક્ટિવિટી વધવાથી પ્રવાસન સ્થળોની આસપાસના વિસ્તારના લોકો માટે નવી રોજગારની તકોનું સર્જન થશે અને આર્થિક વિકાસ થશે.

રાજ્યમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉત્તરોત્તર સંગીન બનાવીને નાગરિકો તથા ઉદ્યોગ-વ્યાપારને ઈઝ ઑફ ટ્રાન્સપોર્ટેશન આપવાના ધ્યેય સાથે રાજ્યમાં ફોરલેન માર્ગોની સાપેક્ષમાં જે હયાત પુલો અને સ્ટ્રક્ચર્સ સાંકડા છે તેને પહોળા કરવાના ૧૧ કામો માટે ૪૬૭.૫૦ કરોડ ફાળવવાની મંજૂરી આપી છે.

આ ઉપરાંત અન્ય એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લઈને ઔદ્યોગિક અને ક્વોરી વિસ્તારોને જોડતાં ૨૯ રસ્તાઓના મજબૂતીકરણ, વિસ્તૃતિકરણ અને કાચા માર્ગોથી પાકા માર્ગો બનાવવા ૧૮૯.૯૦ કરોડ મંજૂર કર્યા છે.

આ નિર્ણયને પરિણામે ક્વોરી મટીરિયલ્સનું પરિવહન સરળ બનશે તેમજ ગ્રામ્ય નાગરિકોને સલામત માર્ગ સુવિધા મળતી થશે. એટલું જ નહીં, ભવિષ્યમાં ઔદ્યોગિક અને ખાણ ખનીજ ક્ષેત્રને લગતાં ભારે વાહન વ્યવહારને સારી સુવિધા મળતાં લોજિસ્ટિક્સ યાતાયાત ઝડપી અને સરળ બનતાં આ વિસ્તારના સર્વગ્રાહી વિકાસમાં મોટું બળ મળશે.

# કોર્પોરેશન બાદ હવે મહેસુલ તંત્ર તરફથી નવો પડકાર

## ઓનલાઈન જમીન બિન ખેતીની મસમોટી પ્રક્રિયા ૪૫ દિમાં થઈ જાય છે પરંતુ ઓફલાઈન કામગીરીમાં મહિનાઓ નીકળી જતા બિલ્ડરોમાં ભારે કચવાટ



રાજકોટ, તા.૨૧

રાજ્યમાં સૂચિત જંત્રી દર વધારા તથા રાજકોટમાં ફ્લાવરબેડ, બીયુ પરમીશન, પ્લાન પાસ, ફાયર એનઓસી જેવી અનેકવિધ સમસ્યાઓથી પીડિત બિલ્ડર લોબીને નવા પડકારનો સામનો કરવો પડી રહ્યો છે. કોર્પોરેશનની જેમ રાજકોટના મહેસુલ તંત્રની હેરાનગતિથી ભારે નારાજગી-કચવાટ પ્રવર્તવા લાગ્યા છે. હવે આ મામલે સરકારમાં પણ રજુઆત કરવાની તૈયારી કરવામાં આવી છે. રાજકોટના રીઅલ એસ્ટેટ ક્ષેત્રના સૂત્રોએ જણાવ્યું છે કે કોર્પોરેશન જેમ અનેકવિધ મંજુરી સહિતની પ્રક્રિયા થ ભ ી થઈ છે તેવી જ હાલત શહેરના મહેસુલ વિભાગમાં છે. ઓનલાઈન પ્રક્રિયા ફટાફટ અને નિયત સમયગાળામાં થઈ જાય છે. પરંતુ ઓફ લાઈનમાં મહિલાઓ નીકળી જાય છે. કામ કરાવવા માટે રાજકીય વગનો ઉપયોગ કરવો પડે તેવી નોબત છે. જમીન હેતુફેર તથા રિવાઈઝડ બીન ખેતી પ્રક્રિયા ઓફલાઈન કરવી પડતી હોય છે. અને આ બન્ને પ્રક્રિયામાં મહિનાઓ લાગી જતા હોવાથી બિલ્ડરોના સમગ્ર પ્રોજેક્ટ શિડ્યુલ વેરવિખેર બની જાય છે.

બિલ્ડર એસોસીએશન સાથે સંકળાયેલા એવા જાણીતા બિલ્ડરે બળાપો કાઢતા કહ્યું કે મહેસૂલ તંત્રમાં બીનખેતી સહિતની પ્રક્રિયા ઓનલાઈન છે અને તેનો નિકાલ નિયત ૩૦ દિવસમાં થઈ જાય છે. ઓનલાઈન પ્રક્રિયામાં ઢીલના સંજોગોમાં સરકાર તરફથી જ પુછાણ આવતું હોવાથી અધિકારીઓ ફટાફટ કામગીરી કરે છે.

પરંતુ ઓફલાઈન પ્રક્રિયામાં કોઈ નિયત સમય મર્યાદા નથી. રિવાઈઝડ બીનખેતી, જમીન હેતુફેર જેવી કામગીરી ઓફલાઈન જ કરવી પડતી હોય છે અને આ પ્રક્રિયાનો ૬-૧૨ મહિના સુધી નિકાલ આવતો નથી વાત આટલેથી અટકતી નથી. રિવાઈઝડ બીનખેતી કે હેતુફેર બાકી હોવાના સંજોગોમાં કોર્પોરેશન શરતી ધોરણે પણ બિલ્ડરોના પ્લાન ઈનવર્ડ પણ કરાતા નથી અને પ્રોપર્ટી કાર્ડ કઢાવવામાં પણ વિઘ્ન સર્જાય છે.

અન્ય એક બિલ્ડરે કહ્યું કે વિવિધ ઓફલાઈન પ્રક્રિયા પણ ઓનલાઈન કરવા અગાઉ સરકારનું ધ્યાન પણ દોરવામાં આવ્યું હતું. ઓનલાઈન કામગીરીમાં સરકારનું મોનિટરીંગ રહેતું હોવાથી તેનો સમય મર્યાદામાં નિકાલ આવી જતો હોય છે. ઓફ લાઈન કામગીરીમાં પણ નિયત સમય નક્કી કરવાનું અનિવાર્ય થઈ પડ્યું હતું તંત્ર રાજકીય નેતાઓની સુચનાને માન આપતા હોય છે એટલે અનેક કિસ્સામાં બિલ્ડરોએ ફરજીયાતપણે સ્થાનિક નેતાઓનું શરણ લેવું પડે છે.

આઘાતજનક બાબત એ છે કે ૫૦થી વધુ દસ્તાવેજોવાળી જમીન બીનખેતી પ્રક્રિયા ૪૫ દિવસમાં થઈ જતી હોય છે. પરંતુ રિવાઈઝડ બીનખેતીમાં મહિનાઓ લાગી જાય છે.અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટમાં ટીઆરપી ગેમઝોન કાંડ વખતથી રિઅલ એસ્ટેટ ક્ષેત્રની માઠી શરૂ થઈ હોય તેમ અનેકવિધ અટકળો છે. મહિનાઓથી પ્લાનમંજુરીથી માંડીને બીયુ પરમીશન અટક્યા છે.સરકારમાં અનેક વખત રજુઆત છતાં નિવેડો આવ્યો નથી. ક્રેડાઈ જેવા મુખ્ય સંગઠનોએ પણ સરકારમાં ધા નાખી છે. છ-આઠ મહિનાથી રાજકોટમાં કોર્પોરેશન હસ્તકની પ્રક્રિયા ઠપ્પ જેવી છે.

# જીપીએસસીની આસિ. મેનેજરની પરીક્ષાની આન્સર કીમાં જ ભુલો! ઉમેદવારોમાં રોષ

## ભૂલ સામે વાંધા અરજી કરનાર સામે ૧૦૦ રૂપિયા વસુલવાને બદલે જેમણે ભુલ કરી છે તેને દંડ કરો ઉમેદવારો




ગાંધીનગર તા.૨૧

ગુજરાત જાહેર સેવા આયોગ ()ની તમામ ભરતીની પરીક્ષામાં પ્રોવિઝનલ આન્સર કી જાહેર કર્યા બાદ આન્સર કીમાં જણાતા વાંધા સૂચનો માટે અરજી કરવા ઉમેદવારોને પ્રશ્નદીઠ ૧૦૦ રૂપિયા ફી ચૂકવવાનો આયોગ દ્વારા નિર્ણય કરાયો. આ મામલે હસમુખ પટેલના નિવેદન સામે ઉમેદવારોએ રોષ વ્યક્ત કર્યો હતો. જ્યારે ગઈકાલે રવિવારે આયોગ દ્વારા લેવાયેલી આસિસ્ટન્ટ મેનેજરની પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી જાહેર થતાં પેપર સેટર અને ના નિષ્ણાતો સામે અનેક પ્રશ્ન ઊભા થયા છે. જેમાં આયોગના કહેવાતા એક્સપર્ટ દ્વારા પરીક્ષા પેપરના ૬ પ્રશ્નોના જવાબમાં ભૂલો છતી થઈ હોવાનો ઉમેદાવારોએ દાવો કર્યો છે.

જ્યારે ગઈકાલે રવિવારે એ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ ()ની આસિસ્ટન્ટ મેનેજર - ક્લાસ ૩ ભરતીની પરીક્ષા લેવામાં આવી હતી. પરીક્ષા બાદ આજે સોમવારે તેની પ્રોવિઝનલ આન્સર કી જાહેર થતાં, જેમાં કેટલાક સામાન્ય પ્રશ્નોના જવાબમાં આયોગ દ્વારા ભૂલો કરાઈ હોવાનું છતું થયું છે. જેમાં આયોગના કહેવાતા એક્સપર્ટ દ્વારા ગુજરાત રાજ્ય ક્યારે અસ્તિત્વમાં આવ્યું?, સુશાસન દિવસ ક્યારે ઉજવવામાં આવે છે? સહિતના ૬ જેટલાં પ્રશ્નોના જવાબમાં પેપર સેટરોના લોચા જોવા મળ્યા હતા.

સમગ્ર મામલે ઉમેદવારોએ રોષ વ્યક્ત કરતાં આયોગને અનેક સવાલો કર્યા. જેમાં કેટલાક ઉમેદવારોએ જણાવ્યું કે, ની આસિસ્ટન્ટ મેનેજરની પ્રોવિઝનલ આન્સર કીમાં આયોગની ભૂલ સામે આવી છે. એટલે તેની વાંધા અરજી કરવા માટે ઉમેદવારને શું ૧૦૦ રૂપિયા ભરવા પડશે? ના કહેવાતા વિષય નિષ્ણાતોને ગુજરાતની સ્થાપના ક્યારે થઈ એ પણ નથી ખબર, તો એમને વિષય નિષ્ણાતો બનાવ્યા કોણે?. આમ આયોગની આવી ભૂલો છુપાવવા માટે ફી લેવામાં આવે છે કે શું? ત્યારે સવાલ થાય કે આમાં ભૂલ કોની અને ભોગવશે કોણ? જો સરકારને એવું લાગતું હોય કે વાંધા અરજી વધારે આવે છે, તો સરકારે ખરેખર યોગ્ય ગાઈડલાઈન આપવી જોઈએ. જેમાં ચોખવટ કરવી જોઈએ કે આટલા પુસ્તકો માન્ય રહેશે અને આટલા નહીં. એટલે રેફ્રન્સ પુસ્તક સરકાર નક્કી કરે. ઉમેદાવારોએ જણાવ્યું કે, આયોગે ઉમેદાવારો પાસેથી ફી ઉઘરાવાને બદલે જેમના કારણે ભૂલ થઈ છે અને જેમણે ભૂલભરેલી માહિતી પ્રદાન કરી છે તેમની પાસેથી જ દંડ વસુલવો જોઈએ તેવી ચર્ચાએ પણ જોર પકડ્યું છે.

## સંચારી રોગ અટકાયત માટેની જિલ્લા કક્ષાની સ્ટીયરીંગ કમિટીની બેઠક યોજાશે



રાજકોટઃ સંચારી રોગ અટકાયત માટેની રાજકોટ જિલ્લા કક્ષાની સ્ટીયરીંગ કમિટીની બેઠક કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં રાજકોટ કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે તા. ૨૪/૦૧/૨૦૨૫ના રોજ બપોરે ૫ કલાકે યોજાશે. આ બેઠકમાં સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓને ઉપસ્થિત રહેવા રાજકોટ જિલ્લા કલેક્ટરશ્રીની યાદીમાં જણાવાયું છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.22/1/2025 WEDNESDAY 06

# કોર્પોરેટરોની ગ્રાન્ટ હવે માત્ર બાકડા, સાઇન બોર્ડ, પેવીંગ બ્લોક નહીં પણ અનેક સુવિધામાં વાપરી શકાશે



રાજકોટ, તા. ૨૧

રાજકોટ મહાપાલિકાના ૧૮ વોર્ડમાં ચૂંટાયેલા ૭૨ કોર્પોરેટરોને દર વર્ષે પોતાના મત વિસ્તારના છુટક પ્રાથમિક સુવિધાના કામો માટે ૨૦-૨૦ લાખની ખાસ ગ્રાન્ટ આપવામાં આવે છે. પરંતુ નામ સાથેના સાઇન બોર્ડ, બાકડા, પેવીંગ બ્લોક જેવી પાંચ-સાત કામગીરી સિવાય કોઇ અન્ય સુવિધા માટે આ ગ્રાન્ટનો ઉપયોગ થતો ન હોય, ગ્રાન્ટના વધુ સદઉપયોગ અને લોકોને લાભ થાય તે માટે અન્ય ૫૦ જેટલી સુવિધાના કામોનું નવું લીસ્ટ બનાવવામાં આવ્યું છે. સ્ટે. કમીટીના ચેરમેન જયમીન ઠાકરે રાજયના અન્ય તમામ કોર્પો. પાસેથી કોર્પોરેટરોની ગ્રાન્ટમાંથી કરવામાં આવતી કામગીરી અંગેનું લીસ્ટ મંગાવતા રાજકોટમાં પણ લોકો માટે આવા અનેક કામો થઇ શકે તેવી યાદી બની છે. સાંજે ચેરમેને સીટી ઇજનેરો સહિતના અધિકારીઓની મીટીંગ બોલાવી છે. જેમાં આ લીસ્ટ સોંપવામાં આવશે. સાથે જ કોર્પોરેટરો હાલના સિવાયના અન્ય કેટલા કામોમાં ગ્રાન્ટ વાપરી શકે છે તે અંગે પણ લેખિતમાં જાણ કરવામાં આવશે. કોર્પોરેટરો અને પ્રજાજનો બંનેને ઉપયોગી થાય તેવા અપડેટ કરાયેલા નવા આયોજન અંગે ખાસ નવી ગાઇડલાઇનનું  સંકલન કરનાર ચેરમેનનો સંપર્ક સાધતા તેમણે માહિતી આપતા જણાવ્યું હતું કે નગરસેવકોની ગ્રાન્ટમાંથી રાજકોટમાં મુખ્યત્વે પેવીંગ બ્લોક, સોસાયટીઓ અને રાજમાર્ગોમાં દિશાસૂચક સાઇનબોર્ડ, રહેણાંક વિસ્તારોમાં પેવીંગ બ્લોક સહિતના કામો કરવામાં આવે છે. એક કોર્પોરેટરને ૨૦ લાખ લેખે પ્રતિ વોર્ડ વર્ષે ૮૦ લાખની ગ્રાન્ટ મળે છે.કોર્પોરેટરો  જરૂરી હોય ત્યાં આવશ્યક કામો માટે ગ્રાન્ટ આપે છે અને શકય હોય ત્યાં લોક ભાગીદારીથી પણ પ્રજાના કામ કરે છે. પરંતુ આ સિવાય પણ ઘણા કામો એવા છે કે જેમાં નગરસેવકો ગ્રાન્ટ આપી શકે છે. રાજયના જુદા જુદા કોર્પોરેશનમાં  નગરસેવકો પોતાની ગ્રાન્ટનો કયા કયા કામ માટે ઉપયોગ કરે છે તેની માહિતી સેક્રેટરી વિભાગ મારફત મંગાવી હતી. અન્ય મહાપાલિકાઓની યાદી પરથી એક સંકલિત માર્ગદર્શન તૈયાર કરવામાં આવ્યું

## કયા કયા કામમાં ગ્રાન્ટ વાપરી શકાય

સ્લમમાં પાણીના નિકાલ, આરસીસી, જાજરૂ, ડામર રોડ
નાની શેરી ગલીઓમાં ડામર રોડ
ટ્રાફિક નિયમન માટે ડિવાઇડર, સ્પીડબ્રેકર, ટ્રાફિક સર્કલ
જીમ, દવાખાના, સીવીક સેન્ટર, સ્વીમીંગ પુલ, શાળા, લાયબ્રેરી, સ્મશાન, ગાર્ડન
લાકડા, વોટર કુલર, વોટર પ્યુરીફાયર
કોર્પો.ની મિલ્કતમાં ટયુબલાઇટ, પંખા, થાંભલા, સોલાર લાઇટ, વોટર હીટર
સોસાયટીઓ, આવાસોમાં પાઇપલાઇન, ફૂટપાથ, પેવીંગ બ્લોક
શાળાઓમાં પાણી, કમ્પાઉન્ડ હોલ, પંખા, શૌચાલય, પાણીની ટાંકી
શાળા, બાલક્રિડાંગણ, આંગણવાડીમાં અંગ કસરતના સાધનો
ડસ્ટબીન માટે ગ્રાન્ટ, આંગણવાડી બાંધકામ
આરોગ્ય વિષયક સાધનો, બગીચાના વિકાસ, ચબુતરા
અંતિમ ધામોમાં રસ્તા, ગટર, પાણી, દરવાજા
ફિઝીયો સેન્ટર અને હેલ્થ કલબમાં નવા સાધનો
શાળા અને મ.ભોજન યોજના માટે પાથરણા, આસન પટ્ટા, બેંચ, કોમ્પ્યુટર ફર્નિચર
સોસાયટી, ચાલી વિસ્તારના નાકે બોર્ડ મુકવા
ઇડબલ્યુએસ કોલોનીમાં લીકેજ પાઇપલાઇનો બદલવા
સ્માર્ટ આંગણવાડી, શાળાઓમાં સ્પોર્ટસ-શૈક્ષણિક સાધનોની ખરીદી
વૃક્ષારોપણ, ટ્રી ગાર્ડ, બ્યુટીફિકેશન, પ્લાન્ટ, કુંડા
માર્ગ-મકાન અને વન વિભાગની જમીનમાં પણ વૃક્ષારોપણ
ધાર્મિક સંસ્થાઓમાં વોટર કુલર, આરઓ પ્લાન્ટ, ટ્રસ્ટમાં સુવિધાઓ
પદાધિકારીઓની ગ્રાન્ટમાંથી એસએસના બાકડા, સોલાર લાઇટ
સ્ટ્રીટલાઇટ, વ્હીલબરો, સીસીટીવી જેવી સામુહિક સુવિધાઓ વગેરે.

**રાજયના દરેક કોર્પોરેશન પાસેથી માહિતી મંગાવીને યાદી તૈયાર કરતા સ્ટે.ચેરમેન જયમીન ઠાકર : સાંજે અધિકારીઓ સાથે બેઠક : નગરસેવકોને વધુ કામો માટે રસ્તા ખોલતા પદાધિકારી**

**પાઇપલાઇનો, સ્મશાન, ગાર્ડન, સ્કુલ, આંગણવાડી, જીમના સાધનો, શૈક્ષણિક પ્રવાસ, વોટર કુલર માટે પણ ચૂંટાયેલા લોકો વોર્ડદીઠ વર્ષે ૮૦ લાખ ખર્ચ કરી શકે..**

# શરાબ તો ઠીક, કેફી પદાર્થોનું પણ વધતુ દુષણ

# નશાબંધી ધરાવતા ગુજરાતમાં એક વર્ષમાં રૂ.૭૩૦૩ કરોડનું ડ્રગ્સ પકડાયું

**મોટાભાગનાં કેફીપદાર્થો પંજાબમાં સપ્લાય થવાના હોવા છતા ગુજરાતમાં મેકેડ્રોનના ઉત્પાદનનાં કિસ્સા પડકારજનક**



અમદાવાદ તા.૨૧

દારૂબંધીનો કડક કાયદો ધરાવતા ગુજરાતમાં શરાબ તો ઠીક ડ્રગ્સનું દુષણ પણ બેફામ હોય તેમ છેલ્લા એક વર્ષમાં ૭૩૦૩ કરોડના કેફી પદાર્થ પકડાયા હતા. ગાંધીના ગુજરાતની ઓળખ સાથે નશાબંધીનો કાયદો ધરાવતા રાજયમાં રોજેરોજ નાના મોટા જથ્થામાં ડ્રગ્સ પકડાય છે સરકાર જોકે એવો બચાવ કરે છે કે પકડાતુ ડ્રગ્સ મોટાભાગે પંજાબ મોકલવાનું હોય પરંતુ મેકડ્રોન જેવા ડ્રગ્સ પકડાય છે તેનુ ગુજરાતમાં જ સેવન થતુ હોવાની આશંકા છે. ૨૦૨૪ ના વર્ષમાં ૧૮૮૨ કિલો મેકેડ્રોનનો જથ્થો પકડાયો હતો. ગુજરાત, રાજસ્થાન તથા મધ્યપ્રદેશમાં ઓપરેશન કરીને જંગી જથ્થો જપ્ત કરાયો હતો તેના આધારે ગુજરાતની બોર્ડર ડ્રગ્સની હેરફેરનો મુખ્ય માર્ગ બન્યાની શંકા ઉઠે છે. ગુજરાતમાંથી પકડાયેલા ડ્રગ્સના કુલ જથ્થામાંથી ૬૮૭૧ કરોડના કેફી દ્રવ્યો ગુજરાત એટીએસ દ્વારા એકલા હાથે અથવા કોસ્ટગાર્ડ નેવી કે નાર્કોટીક્સ વિભાગ સાથે સંકલન સાધીને પકડવામાં આવ્યા હતા.

ગુજરાત પોલીસનાં રીપોર્ટ પ્રમાણે છેલ્લા એક વર્ષમાં ૨૪૦૦૦ કિલો માદક પદાર્થ જપ્ત કરવામાં આવ્યા હતા.નાર્કોટીક્સ કાયદા હેઠળ ૫૮૨ કેસોમાં ૮૪૮ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. ગુજરાત એટીએસના ડીઆઈજી સુનિલ જોશીએ એવો દાવો કર્યો હતો કે પકડાયેલુ મોટાભાગનું ડ્રગ્સ ગુજરાત માટેનું ન હતું અને મોટાભાગે પંજાબમાં ઘુસાડવાનું હતું મધદરીયે હાથ ધરાયેલા ઓપરેશનોમાં પકડાયેલા હેરોઈન હેરોઈન તથા કોરેનનાં શીપમેન્ટ પંજાબ માટેના જ હતા અને એકપણ શીપમેન્ટ ગુજરાતમાં ઘુસાડવા માટેના ન હતા.

ગુજરાતમાં હજુ હીરોઈન કોકેઈનના ઉઠયા નથી. ગાંજા જેવા નાના જથ્થા ગુજરાત માટેના હતા.ગુજરાતમાં મેકેડ્રોનનું ઉત્પાદન થવા લાગ્યુ હોવાનું માલુમ પડયુ છે. નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે ગુજરાતનો લાંબો દરીયાકાંઠો તથા ભરચકક ટ્રાફીકથી ધમધમતા બંદરોને કારણે ડ્રગ્સ માફીયાઓ ગુજરાતનો ટ્રાન્ઝીસ્ટ પોઈન્ટ તરીકે ઉપયોગ કરી રહ્યા છે. એકથી બીજા દેશ અને બીજા રાજયોમાં ડ્રગ્સ ઘુસાડવા માટે દાણચોરોની પહેલી પસંદ દરીયાઈ માર્ગ ન શકય છે.રાષ્ટ્રીય સુરક્ષા એજન્સીના એક અધિકારીએ ગુજરાતમાં ડ્રગ્સના બંધાણી કે દુષણ ન હોવાની વાત માની લેવા અને ચેતવણી આપી છે. ભલે નાના જથ્થામાં હેરોઈન કે કોકેઈન પકડાય તો પણ સ્પષ્ટ બની જાય છે કે નશાબંધી ધરાવતા ગુજરાતમાં પણ તેનો વપરાશ અને બંધાણીઓ છે.

રાજયમાં જુદા જુદા ભાગોમાંથી નિયમીત રીતે અફીણ, ગાંજો, ચરસ, હેરોઈન જેવા ડ્રગ્સનો જથ્થો પકડાતો હોવાનું ઉલ્લેખનીય છે ગઈકાલે અમદાવાદમાંથી ૨૭ લાખનુ મેકેડ્રોન પકડાયું હતું. ઉપરાંત દાહોદમાંથી પણ ડ્રગ્સ પકડાયું હતું.

# બે દિવસ બાદ ફરીથી ઠંડીનો દોર, જાન્યુઆરીના અંતમાં ભુક્કા બોલાવશે

જાન્યુઆરીના અંતિમ તબક્કામાં હવે ઠંડીને લઈને મોટુ અપડેટ સામે આવ્યુ છે. તાજા અપડેટ પ્રમાણે, ગુજરાતમાં આગામી બે દિવસ બાદ ઠંડીનું જોર વધશે, હાલમાં રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ઠંડીનું જોર થોડુ ઘટેલું જોવા મળી રહ્યું છે. પરંતુ આગામી દિવસોમાં આ સ્થિતિ બદલાઈ શકે છે. અંતિમ સપ્તાહમાં અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના ભેજને કારણે ગુજરાતમાં ૨૧થી ૩૦મી જાન્યુઆરી સુધીમાં હવામાનમાં ભારે પલટો આવશે અને ફરીથી માવઠું થવાની શક્યતા સેવાઈ રહી છે.સતત ત્રણેક દિવસ ઠંડા પવનોને કારણે કાતિલ ઠંડીનો અનુભવ થયા બાદ, ઠંડીમાં ઘટાડો જોવા મળ્યો છે. હાલમાં ગુજરાતમાં પવનની દિશા બદલાઈ છે. જેના કારણે હવે તાપમાન ઊંચું જઈ રહ્યું છે. જાન્યુઆરીના બાકી દિવસોમાં ગુજરાતનું હવામાન કેવું રહેશે તે અંગે હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાતોના મતે આગામી સાત દિવસ ગુજરાતનું હવામાન સૂકું રહેવાની સંભાવનાઓ છે. લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થવાની શક્યતાઓ છે. આ પછી આગામી દિવસોમાં તાપમાનમાં કોઈ મોટા ફેરફારોની સંભાવનાઓ ન હોવાની શક્યતાઓ છે. ઉત્તર ભારતમાં બનેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ગુજરાતના હવામાન પર જોવા મળી રહી છે. હવામાન નિષ્ણાતે જણાવ્યું છે કે, ગુજરાતના ભાગોમાં લઘુત્તમ તાપમાનમાં વધારો થશે એટલે ઠંડી ઘટશે.જાન્યુઆરીના અંતમાં વારંવાર પલટો આવશે. અરબી સમુદ્રના કારણે દક્ષિણ ગુજરાતના ભાગોમાં વારંવાર પલટો આવશે. ૨૨મીથી મજબૂત પશ્ચિમી વિક્ષેપ આવવાની શક્યતા રહેશે. જેનાથી ગુજરાતના હવામાનમાં પલટો આવશે. આગામી ૨૭, ૨૮, ૨૯મી જાન્યુઆરીએ વાદળછાયું અને કોઈક કોઈક ભાગોમાં માવઠાની શક્યતા રહેશે. અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના ભેજને કારણે ગુજરાતમાં ૩૦મી જાન્યુઆરી સુધીમાં ફરીથી માવઠું થવાની શક્યતા રહેશે.

# કોઠારીયા મેઈન રોડ પર ગાર્ડન હેતુના પ્લોટમાંથી ત્રણ ઓરડીનું ડિમોલીશન



**રામપાર્ક બાજુમાં આવેલો પ્લોટ ખાલી કરાવતી ટીપી શાખા**

રાજકોટ, તા.૨૧


મહાપાલિકાની સેન્ટ્રલ ઝોન ટીપી શાખા દ્વારા કોઠારીયા રોડના વોર્ડ નં.૧૭માં ગાર્ડન હેતુના અનામત પ્લોટમાંથી ત્રણ ઓરડીનું દબાણ તોડી પાડવામાં આવ્યું છે. કમિશ્નરની સૂચનાથી આજે સીટી ઇજનેર એ.એ.રાવલના માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૧૭માં આ ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ વોર્ડમાં કોઠારીયા મેઈન રોડ પર રામપાર્કની બાજુમાં અનામત પ્લોટ નં. ૫૧માં ગાર્ડન હેતુનો પ્લોટ આવેલો છે. આ પ્લોટમાં પતરાવાળી ત્રણ ઓરડીનું દબાણ થઇ ગયું હતું જેના પર બુલડોઝર ફેરવીને ૫૦ ચો.મી. જગ્યામાંથી ગેરકાયદે બાંધકામ હટાવવામાં આવ્યા હતા. આ જમીનની અંદાજીત કિંમત રૂા. ૩ લાખ જેવી થાય છે. વિજીલન્સ પોલીસ બંદોબસ્ત હેઠળ ટીપી શાખાએ અન્ય વિભાગોની સાથે મળીને આ ઓપરેશન કર્યુ હતું.

# પાર્સલ સર્વિસના ધંધાર્થી સહિત ત્રણના હાર્ટએટેકથી મોત

## શ્રીરામ પાર્ક સોસાયટીમાં આશિષભારથી ગૌસ્વામી, હરસિધ્ધિ સોસાયટીમાં સંજયભાઈ ગોહીલ અને ખોડિયાર નગરના રાજુભાઈ દતનું હૃદય થંભી ગયું

રાજકોટ તા.૨૧

શહેરમાં પાર્સલ સર્વિસના ધંધાર્થી સહિત ત્રણના હાર્ટ એટેકથી મોત નિપજ્યા છે. જેમાં શ્રીરામ પાર્ક સોસાયટીમાં આશિષભારથી ગૌસ્વામી, હરસિધ્ધિ સોસાયટીમાં સંજયભાઈ ગોહીલ અને ખોડિયાર નગરના રાજુભાઈ દતને હૃદય રોગનો હુમલો આવતાં મોત નિપજ્યું હતું.



બનાવની પ્રાપ્ત વિગતો મુજબ આરટીઓ ઓફિસની પાછળ શ્રીરામ પાર્ક સોસાયટી હુડકો ક્વાર્ટરમાં રહેતાં આશિષભારથી શાંતિભારથી ગૌસ્વામી (ઉ.વ.૪૫) તેઓ ગઈ કાલ બપોરના ત્રણ વાગ્યાની આસપાસ પોતાનાં ઘરે હતાં ત્યારે અચાનક શ્વાસ ચડતાં બેભાન થઈ જતાં તાકિદે તેઓને ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં ફરજ બજાવતા તબીબે મૃત જાહેર કર્યા હતા. તેઓ બે ભાઈમાં નાના હતાં. તેને સંતાનમાં એક પુત્ર છે. તેઓ પાર્સલ સર્વિસનું કામ કરતા હોવાનું મૃતકના પરિવારજને જણાવ્યું હતું.

બીજા બનાવની વિગત મુજબ સ્ટર્લીંગ હોસ્પિટલની પાછળ હરસિધ્ધિ સોસાયટી શેરી નં-૩ માં રહેતાં સંજયભાઈ પ્રેમજીભાઈ ગોહિલ (ઉ.વ.૫૪) નામના પ્રૌઢ ગઈ કાલ સાંજના પાંચ વાગ્યાની આસપાસ પોતાનાં ઘરે હતાં ત્યારે અચાનક બેભાન થઈ જતા તાકિદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જ્યાં સારવારમાં ફરજ પરનાં તબીબે મૃત જાહેર કર્યા હતા. તેઓ ત્રણ ભાઈ અને બે બહેનમાં મોટા હતાં. તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે.

વધુ એક બનાવની વિગત મુજબ ખોડિયાર નગર શેરી નં-૧૩ માં રહેતાં રાજુભાઈ દશરથભાઈ દત (ઉ.વ.૪૪) તેઓ ગઈ કાલ રાત્રિના સાડા નવ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા ત્યારે હૃદય રોગનો હુમલો આવતાં બેભાન થઈ જતાં તાકીદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર કારગત નીવડે તે પહેલાં જ દમ તોડી દિધો હતો. મૃતક યુવક કારખાનામાં કામ કરતો હતો. અને ચાર ભાઈમાં મોટો હોવાનું જાણવા મળ્યું હતું.

# મવડીની શ્રી રામ અને શ્રી જીજાબાઈ ટાઉનશીપમાં વધુ ૯ ભાડુત પકડાયા

## મનપાની આવાસ યોજનાઓમાં ઘર ભાડે આપવાનો ધીકતો ધંધો



રાજકોટ, તા.૨૧

મહાપાલિકાની આવાસ યોજના શાખા દ્વારા જુદી જુદી ટાઉનશીપમાં મુળ લાભાર્થીને બદલે ભાડુત સહિતના અન્ય લોકો રહેતા હોય, ચેકીંગ કરીને આવાસ સીલ કરવાની ઝુંબેશ ચાલુ રાખવામાં આવી છે.

મવડી વિસ્તારમાં સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે શ્રી રામ ટાઉનશીપ આવેલ છે. અહીં વિભાગની ટીમે વિજીલન્સ ટીમ સાથે ચકાસણી કરતા ત્રણ ભાડુત રહેતા હોવાનું માલુમ પડયું હતું અને આ ત્રણ આવાસ સીલ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત પરશુરામ મંદિર પાસે આવેલ શ્રી જીજાબાઈ ટાઉનશીપમાં પણ ચેકીંગ કરવામાં આવતા ત્યાંથી પણ માલિકના બદલે ભાડુત રહેતા હોવાનું સામે આવ્યું હતું. આથી આ ટાઉનશીપમાં પણ નવ આવાસને સીલ મારી દેવામાં આવ્યાનું મેનેજરે જણાવ્યું હતું. રાજકોટની અનેક ટાઉનશીપમાં મુળ માલિકના બદલે અન્ય રહેતા હોવાનું અને ભાડે આપવાની પ્રવૃતિ થતી હોવાનું સામે આવે છે. જોકે આવા આવાસ સીલ કર્યા બાદ આગળ આવી પ્રવૃતિ ન થાય તે માટે કેવા કડક પગલા લેવાતા હશે તેનો અંદાજ અવારનવાર ક્વાર્ટર ભાડે આપવા ચાલુ રહેતી પ્રવૃતિ પરથી માલુમ પડે છે.

# ગોંડલ રોડ, મંગળા રોડ સહિતના વિસ્તારમાં કારખાના સહિત પાંચ મિલ્કતને સીલ મરાયા

## આજે ૨૮.૬૫ લાખની રીકવરી વેરાની કુલ આવક ૩૪૦.૯૧ કરોડ

રાજકોટ, તા. ૨૧

મનપાની વેરા વસુલાત શાખા દ્વારા આજે જુદા જુદા વિસ્તારમાં પાંચ બાકીદારોની મિલ્કત સીલ કરવામાં આવી હતી. તો બપોર સુધીમાં ૨૮.૬૫ લાખની રીકવરી થઇ છે. વોર્ડ નં.૧ના નાગેશ્વર મંદિર રોડ, ૮૦ ફુટ રોડ પર રીકવરી થઇ હતી. વોર્ડ નં.૩ના મોચીબજારમાં પણ ચેક આવ્યો હતો. વોર્ડ નં.૬ના મહીકા માર્ગ પર એક મિલ્કતને સીલ મારવામાં આવ્યા હતા. વોર્ડ નં.૭માં ગોંડલ રોડના પ્લેનરી આર્કેડમાં એક ઓફિસ, મંગળા રોડ પર પરીશ્રમ પ્લાઝામાં એક દુકાન, રાજેન્દ્રપ્રસાદ રોડ પર કેસરીનંદન કોમ્પલેક્ષમાં એક ઓફિસને સીલ મરાયા હતા. તો વોર્ડ નં.૧૫ના શિવમ ઔદ્યોગિક વિસ્તારમાં એક યુનિટ (કારખાનુ) સીલ




કરવામાં આવ્યું હતું.

વોર્ડ નં.૧૦ના કાલાવડ રોડ, વોર્ડ નં.૧૩ના ગુરૂપ્રસાદ પાસેની ભોલેનાથ સોસાયટી, વોર્ડ નં.૧૮ના ગોંડલ રોડ અને કોઠારીયા રોડ પર સીલની કાર્યવાહી કરતા ચેક જમા થયા હતા. ચાલુ નાણાકીય વર્ષમાં આજ સુધીમાં વેરાની ૩૪૦.૯૧ કરોડની આવક થયાનું વિભાગે જણાવ્યું છે.

# રાજકોટ રેલ્વે સ્ટેશન પર વૃધ્ધ ચાલુ ટ્રેને ચડવા જતાં ફસાયા પોલીસ જવાને જીવના જોખમે બચાવ્યા

## ચાલુ ટ્રેને ચડવા ગયાં અને પ્લેટફોર્મ વચ્ચે ફસાયા રેલ્વે પોલીસના કોન્સ્ટેબલ જયેશભાઈએ જીવની બાજી લગાવી વૃદ્ધને બચાવી સારવારમાં ખસેડ્યા, વૃધ્ધને પગમાં ગંભીર ઈજા



રાજકોટ. તા.૨૧

રાજકોટ રેલ્વે સ્ટેશન પર આજે વ્હેલી સવારે જીવ સટોસટની બાઝી લગાવી એક પોલીસ જવાને વૃધ્ધનો જીવ બચાવ્યો હતો. જે બાદ વૃધ્ધને તાત્કાલિક સારવારમાં ખસેડવામાં આવ્યાં હતાં. કહેવત છે, ઝડપની મજા, મોતની સજા જો કે, એક પોલીસ જવાનની સતર્કતાથી વૃધ્ધનો જીવ તો બચાવી લીધો પણ પગ ગુમાવવાનો વારો આવ્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ, મૂળ મુંબઇના કલ્પ નગરી વિસ્તારમાં રહેતાં નરેન્દ્રભાઈ મેઘજીભાઈ ભાનુશાલી કામ અર્થે રાજકોટ આવ્યાં હતાં. આજે સવારે તેઓ મુંબઈ-હાપા જતી દુરન્તો ટ્રેનમાં જવા રેલ્વે સ્ટેશન પર આવ્યાં હતાં. ત્યારે ટ્રેન ચાલુ થઈ જતાં ચાલુ ટ્રેને તેઓ ચડવા જતાં ટ્રેન અને પ્લેટફોર્મ પર ફસાયા હતાં. ચાલુ ટ્રેન હોવાથી તેઓ ઢસડાયા હતાં અને મોતને નજર સામે જોઈ લીધું હતું.

દરમિયાન રેલ્વે પ્લેટફોર્મ પર ફરજ બજાવતાં કોન્સ્ટેબલ જયેશભાઈનું ધ્યાન જતાં પોતાની સતર્કતાથી તુરંત દોડી જઈ વૃધ્ધને પકડ્યા હતાં અને પોતે જીવની બાજી લગાવી વૃદ્ધને બચાવી લીધાં હતાં. બાદમાં ઘવાયેલા વૃધ્ધને સારવારમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. તપાસમાં પગમાં ગંભીર ઈજા પહોંચી હોવાનું ખુલ્યું હતું. જીવની બાજી લગાવી વૃધ્ધનો જીવ બચાવનાર પોલીસ જવાન પર શુભકામનાઓ વરસી રહી છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડો. કરનરાજ વાઘેલાના અધ્યક્ષસ્થાને એસટી વર્કશોપ ખાતે માર્ગ સુરક્ષા માસ સેમિનાર યોજાયો

**■ મુસાફરોની સુરક્ષા સાથે તમારી સુરક્ષા પણ એટલી જ જરૂરી છે,તમારો પરિવાર પણ ઘરે તમારી રાહ જોઈ રહ્યો છેઃ ડો. કરનરાજ વાઘેલા**



રિપોર્ટરઃ કાર્તિક બાવીશી

વલસાડ, તા. ૨૨ઃ રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા માસ- ૨૦૨૫ની ઉજવણી અંતર્ગત વલસાડ એસ.ટી.વિભાગીય કચેરીના વર્ક શોપ ખાતે માર્ગ સુરક્ષા માસ- ૨૦૨૫ અન્વયે ટ્રાફિક જાગૃતિ સહિતના મુદ્દે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડો. કરનરાજ વાઘેલાની ઉપસ્થિતિમાં સેમિનાર યોજાયો હતો. એસ.ટી. વિભાગીય કચેરી, વિભાગીય યંત્રાલયના કર્મચારીઓ ઉપરાંત વલસાડ એસ.ટી. વિભાગના ૦૬ ડેપોના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ સહિત ૫૦૦ કરતાં વધુ કર્મચારીઓ ઓન લાઈન આ સેમિનારમાં જોડાયા હતા. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડો. કરનરાજ વાઘેલા દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તથા વર્ચ્યુઅલ જોડાયેલા વલસાડ-નવસારી-ડાંગ (આહવા) જિલ્લાના એસ.ટી.ચાલકોને સલામત ડ્રાઈવિંગ, ઓવરટેક ન કરવા, સીટ બેલ્ટનો હંમેશા ઉપયોગ કરવો, વાહનોનું નિયમિત મેન્ટનન્સ થવુ જોઇએ, નશો ન કરવો, મુસાફરોની સુરક્ષા સાથે તમારી સુરક્ષા પણ એટલી જ જરૂરી છે, “તમારો પરિવાર પણ ઘરે તમારી રાહ જોઈ રહ્યો છે તેમ જણાવ્યું હતું. સાથે ફરજ પ્રત્યેની નિષ્ઠા અને સમર્પણ સહિતના મુદ્દે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડો. વાઘેલા દ્વારા વલસાડ વિભાગના વર્ષ- ૨૦૨૫માં નિવૃત્ત થનાર અને પોતાની સંપૂર્ણ નોકરી દરમિયાન એકપણ અકસ્માત ન કરનાર ૦૬ ડ્રાઈવરોનું અને ડીઝલ બચતમાં પ્રગતિ કરનાર બે ડેપોના સંયુક્ત પ્રયત્ન માટે ઉપસ્થિત કર્મચારીઓનું ગુલાબનું ફુલ તથા શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. આ પ્રસંગે વિભાગીય નિયામક એન.એસ.પટેલ સહિત એસ.ટી.ના તમામ અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તેમજ વિભાગના સંગઠનના આગેવાનશ્રીઓ અને જિલ્લા ટ્રાફિક પોલિસની ટીમ પણ ઉપસ્થિત રહી હતી.

# વલસાડના ધનોરીમાં નવનિર્મિત બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



રિપોર્ટરઃ કાર્તિક બાવીશી

વલસાડ, તા. ૨૨ઃ વલસાડ તાલુકાના ધનોરી ગામે નવનિર્મિત બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયો હતો. આ પ્રસંગે તિથલ સ્વામિનારાયણ મંદિરના કોઠારી પૂજ્ય વિવેકસ્વરૂપ સ્વામી તેમજ બી.એ.પી.એસ સંસ્થાના વડીલ સંત પૂજ્ય ધર્મચરણસ્વામીએ પ્રતિષ્ઠા વિધિ કરી હતી. આ નવ નિર્મિત મૂર્તિ મંદિરમાં ભગવાન સ્વામિનારાયણ, ગુરુપરંપરા, શ્રી ઘનશ્યામ મહારાજ તેમજ સનાતન ધર્મની ઉપાસ્ય મૂર્તિઓ ભગવાન શ્રી ગણેશજી તેમજ હનુમાનજીની મૂર્તિઓની વૈદિક વિધિથી પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. પ્રતિષ્ઠા વિધિ નિમિત્તે ૧૨૧ વાનગીનો અન્નકૂટ પણ ભગવાન સમક્ષ ધરવામાં આવ્યો હતો. બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના આધ્યાત્મિક ગુરુ મહંત સ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી આ મંદિરનું નિર્માણ કાર્ય અહીં ગામના હરિભક્તો, ભાવિકો દ્વારા સેવા સમર્પણ અને શ્રમયજ્ઞથી મંદિરના પાયાથી લઈને શિખર સુધીના નિર્માણ કાર્યમાં રાત દિવસની સેવાકાર્યથી આ મંદિર તૈયાર થયું છે. પ્રતિષ્ઠા વિધિ પૂર્વે વિશ્વ શાંતિ મહાયાગ તેમજ ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જેમાં હજારો હરિભક્તોએ ઉત્સાહભેર આ કાર્યક્રમની ઉજવણીમાં ભાગ લીધો હતો અને ભગવાનના દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ મંદિરથી અહીં ચાલતા બાળ, કિશોર, યુવા પુરુષ અને મહિલા સત્સંગ કેન્દ્રોને સત્સંગ પ્રવૃત્તિ માટે વિશેષ બળ પ્રાપ્ત થશે તેમજ વ્યસન મુક્તિ તેમજ સંસ્કાર સિંચન અને સામાજિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓનું આ મંદિર કેન્દ્ર બનશે.

## જુગાર રમતા વેપારી, ઈમિટેશનના ધંધાર્થી, ખેડૂત સહિત સાત શખ્સો ઝડપાયા

રાજકોટઃ મોરબી રોડ શકિત સોસાયટીના ખુણે બાપા સીતારામ પોલીમર્સ પાઈપના કારખાનાની પાછળ ખુલ્લા પટમાં જુગાર રમાતો હોવાની બાતમી મળતા પીસીબીએ દરોડો પાડી સાત શખ્સોને ઝડપી રૂ.૪૮ હજારનો મુદામાલ કબજે કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, પીસીબીના પીઆઇ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઇ એમ.જે. હુણ ટીમ સાથે પેટ્રોલિંગમાં હતો ત્યારે હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણાને મળેલ ચોક્કસ બાતમીના આધારે મોરબી રોડ શકિત સોસાયટીના ખુણે બાપા સીતારામ પોલીમર્સ પાઈપના કારખાનાની પાછળ ખુલ્લા પટમાં દરોડો પાડી પતા ટીંચતા જય રણછોડ પેઢડીયા (ઉ.વ.૨૬),( ધંધો.ઈમીટેશન રહે.સતનામ પાર્ક પ્રમુખ વિલા એપાર્ટમેન્ટ ફલેટ નં.૦૬ જુનો મોરબી રોડ), જીગ્નેશ લવજી હીરપરા (ઉ.વ.૩૦),( ધંધો.વેપાર, રહે.શીવમ પાર્ક શેરી નં.૧, કનકાઇ પાનની પાછળ ફોર્જીંગ ફોર્ડ રોડ, ગ્રીન લેન્ડ ચોકડી), અરવિંદ કાનજી પેઢડીયા (ઉ.વ.૪૨),( ધંધો.ઈમીટેશન રહે.શીવમ પાર્ક-૨, ફોર્જીંગ ફોર્ડની પાછળ મોરબી રોડ), ગૌતમ ડાયા કારસરીયા (ઉ.વ.૩૪),( ધંધો.ઈમીટેશન રહે.રાધામીરા પાર્ક શેરી નં.૨ સેટેલાઇટ ચોક જુનો મોરબી રોડ), રસીક લક્ષ્મણ રામાણી (ઉ.વ.૫૦, ધંધો.ખેતી રહે.રણછોડનગર શેરી નં.૨૨,પેડક રોડ), કાનજી પ્રેમજી રૈયાણી (ઉ.વ.૫૨ ધંધો.ગેરેજ રહે.રૈયા રાજ મકાન સરદાર પટેલ પાર્ક મેઇન રોડ,નવો મોરબી રોડ,વુન્દાવન સોસાયટીની સામે) અને હર્ષ વલ્લભ લીંબાસીયા (ઉ.વ.૨૪ ધંધો.વેપાર રહે.પંચવટી ટાઉનશીપ શેરી નં.૦૧ જુનો મોરબી રોડ) ને દબોચી રૂ.૪૮૧૦૦ નો મુદામાલ કબ્જે કર્યો હતો.

# ખોડલધામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠાના ૮ વર્ષ પૂર્ણ થયા



વીરપુર, તા.૨૧: શ્રી ખોડલધામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠાના આજે આઠ વર્ષ પૂર્ણ થતા મંદિરમાં માતાજીને ફૂલનો શણગાર કરવામાં આવ્યો છે વહેલી સવારથીજ ભક્તો દર્શન કરવા ઉમટી પડ્યા હતા મંદિરના કેમ્પસમાં રંગોળી બનવવામાં આવી છે ખોડલધામ મંદિરે આજે વહેલી સવારે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ૨૧ જાન્યુઆરીનો દિવસ સમગ્ર લેઉવા પટેલ સમાજ માટે ગૌરવશાળી અને ઐતિહાસિક દિવસ રહ્યો છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડે તમામ



કીર્તિમાન આ દિવસે જ પ્રસ્થાપિત કર્યા છે ૨૧ જાન્યુઆરી ૨૦૧૭ના દિવસે વિશ્વપ્રસિદ્ધ શ્રી ખોડલધામ મંદિરમાં માઁ ખોડલ સાથે ૨૧ દેવી - દેવતાઓની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી જેમના આજે આઠ વર્ષ પૂર્ણ થયા છે ખોડલધામ મંદિરે આજે વહેલી સવારે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું

**એક વર્ષમાં ખોડલધામમાં**
**૧૧૦૭ ધજા ફરકાવવામાં આવી.**

મા ખોડલનો જ્યાં સાક્ષાત વાસ છે એવું રાજકોટ જિલ્લાના કાગવડ ગામ પાસે આવેલું ખોડલધામ મંદિર દેશ - વિદેશમાં જાણીતું બની ગયું છે. ટૂંકાગાળામાં જ ખોડલધામની ભક્તિની સુવાસ ચારેકોર ફેલાઈ ચૂકી છે. ધર્મ સ્થાનની સાથે સાથે ખોડલધામ સૌરાષ્ટ્રનું પ્રવાસન ધામ પણ બની ગયું છે પટેલ સમાજના આસ્થાના કેન્દ્ર એવા શ્રી ખોડલધામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠાના આજે આઠ વર્ષ પૂર્ણ થતા મંદિરમાં માતાજીને શણગાર કરવામાં આવ્યો હતો ત્યાર બાદ આરતી દર્શન અને વહેલી સવારે ખોડલધામ ટ્રસ્ટની ધ્વજા મંદિરના સ્ટાફગણ દ્વારા ધ્વજારોહણ કર્યું અને મંદિર પરિસરમાં દેવોના દેવ મહાદેવની ભવ્ય રંગોળી કરવામાં આવી છે વહેલી સવારે ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી. ખોડલધામ મંદિરના કેમ્પસમાં સુ-સ્વાગતમનું સ્ટેચ્યુ, મંદિર પાસેના મુખ્ય સર્કમાં શંખ, યજ્ઞ શાળા પાસે ઋષિ મુનિ હવન કરતા હોઈ તેવી મૂર્તિ, મંદિર પાસેના બગીચામાં ભોજલરામ બાપાની મૂર્તિ મુકવામાં આવી છે. જન્મદિવસ, મેરેજ એનિવર્સરી, પુણ્ય તિથિ નિમિતે ભક્તો ધજા ચડાવે છે ૨૧ - ૧ - ૨૦૨૪ થી ૨૧ - ૧ - ૨૦૨૫ સુધી ૧૧૦૭ ધજા ચડાવવામાં આવી છે. લેઉવા પાટીદાર સમાજના આસ્થાના કેન્દ્ર ખોડલધામમાં લોકો પોતાની મનોકામના પૂર્ણ કરવા માટે માનતા માને છે. આ મનોકામના પૂર્ણ થતા તેઓ માતાને ધજા ચડાવવા આવે છે. ખોડલધામમાં માતાજી સમક્ષ માનેલી માનતા પૂર્ણ થતી હોવાથી ધજા ચડાવવાનું હાલમાં ત્રણ મહિનાનું વેઈટિંગ છે રોજની સરેરાશ ત્રણ ચાર ચડાવવામાં આવે છે. જન્મદિવસ, મેરેજ એનિવર્સરી, પુણ્ય તિથિ નિમિતે ભક્તો ધ્વજારોહણ કરવામાં આવે છે. મંદિર કેમ્પસમાં પૂજા વિધિ બાદ વાજતે ગાજતે ભક્તો ધજા ચડાવવા માટે પહોંચે છે. દેશ વિદેશમાં



તસવીર : ગૌરવ ગાજીપરા–વીરપુર

રહેતા પાટીદાર સમાજના લોકો માટે પણ ખોડલધામ આસ્થાનું કેન્દ્ર બન્યું છે મોટી સંખ્યામાં ભક્તો વિદેશથી પણ ધ્વજારોહણ કરવા આવે છે. મંદિરની ધજા સહિત કુલ ઉંચાઇ ૧૫૯ ફૂટ છે. ભવ્ય મંદિરમાં કુલ ૨૩૮ સ્તંભ છે. શિલ્પકલામાં કુલ ૧૫ ડિઝાઇન આવેલી છે, જેમાં ૩૦ પ્રકારની કોતરણી કરવામાં આવી છે. મંદિર દેવી-દેવતાઓની કુલ ૬૫૦ જેટલી મૂર્તિઓ છે તેમાં ૨૧ મુખ્ય મૂર્તિઓ છે ખોડીયાર માતાની મુખ્ય મૂર્તિ ૫.૭ ફૂટની છે અન્ય ૨૦ મૂર્તિઓ ૩ ફૂટની છે. મંદિરનો ૬ ટનનો કળશ અને ૪૦ ફૂટ ઉંચો ધ્વજદંડ સોનેથી મઢાયો છે. મંદિરના ધ્વજદંડ પર ૫૨ ગજની ધ્વજા લહેરાય છે.



# કાલાવડ નગરપાલિકા દ્વારા નલ સે જલ પમ્પિંગ સ્ટેશનનું કરવામાં આવ્યું ખાતમુહૂર્ત

કાલાવડ, તા. ૨૨ઃ કાલાવડ નગરપાલિકા દ્વારા આગામી સમયમાં નિર્માણ પામનાર નલ સે જલ.પમ્પિંગ સ્ટેશન. આઇકોનિક પથના કુલ રકમ રૂ.૯.૨૯ કરોડના વિવિધ વિકાસના કામોનું ધારાસભ્યશ્રી મેઘજીભાઇ ચાવડાની ઓનલાઇન ઉપસ્થિતિમાં જીલ્લા સામાજીક ન્યાય અને અધિકારી વિભાગના ચેરપર્સન શ્રીમતી ગોમતીબેન મેઘજીભાઈ ચાવડાના અને કાલાવડ ચીફ ઓફિસર નિકુંજભાઈ વોરા હસ્તે ખાતમુહૂર્ત કરીને કામોનો શુભારંભ કરવામાં આવ્યો હતો,આ પ્રસંગે કાલાવડ શહેર ભાજપ પ્રમુખ નિરવ ભટ્ટ,




જીલ્લા ભાજપ મહામંત્રી અભિષેક પટવા,વલ્લભભાઈ વાગડીયા, કાલાવડ શહેર ભાજપ પુર્વ પ્રમુખ કશ્યપભાઈ વૈષ્ણવ,જીલ્લા ભાજપ ઉપપ્રમુખ ગાડુંભાઈ ડાંગરીયા, પ્રફુલભાઈ રાખોલીયા,પુર્વ મહામંત્રી શ્રી વિનુભાઈ રાખોલીયા,જીલ્લા ભાજપ યુવા મોરચા પ્રમુખ ભુમિત ડોબરીયા, કાલાવડ શહેર ભાજપ સંગઠનના ભરત ધમ્મર,કાલાવડ નગરપાલિકા પુર્વ સદસ્ય નરેશ શિગલ,કીશોર નિમાવત,કાલાવડ નગરપાલિકા પુર્વ સદસ્ય મનોજ પરમાર, વિરેન્દ્રસિંહ જાડેજા, હરિશ્ચંદ્રસિહ જાડેજા, ઐયાઝ વંથરા, વિનુભાઈ કપૂરીયા, કાલાવડ તાલુકા પંચાયત પ્રમુખ પતિ જેન્તીભાઇ પાનસુરીયા, તરૂણભાઈ ચૌહાણ સહીતના ભાજપના આગેવાનો, કાર્યકરો, ટેકેદારો, નગરપાલિકા સ્ટાફ અને નાગરીકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦-૧૨ના છાત્રો માટે હેલ્પલાઈન નં. ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ જાહેર

અમદાવાદ, તા. ૨૨ઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ફેબ્રુઆરીમા ધો. ૧૦ અને ધોરણ ૧૨ ની પરીક્ષા લેવામા આવશે તે અગાઉ છાત્રને મુંઝવતા પ્રશ્નો, પરીક્ષા દરમિયાન કોઇ સમસ્યા હોય તો તેના નિરાકરણ માટે બોર્ડ દ્વારા હેલ્પલાઇન નંબર શરૂ કરવામા આવ્યા છે અને તમામ જિલ્લાઓમા સ્થાનિક હેલ્પ લાઇન નંબર જાહેર કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીને બોર્ડ દ્વારા સુચના આપવામા આવી છે.

ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ બોર્ડની જાહેર પરીક્ષા તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ દરમ્યાન લેવાનાર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા સંદર્ભે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળાઓને માર્ગદર્શન મળી રહે તે માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ, બોર્ડ દ્વારા ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર, ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ તા.



૨૭/૦૧/૨૦૨૫ થી તા. ૧૭/૦૩ ના રોજ સવારે ૧૧:૦૦ થી સાંજે ૦૬:૦૦ કલાક સુધી કાર્યરત રહેશે. ઉપરોકત ટોલ 'ફ્રી' હેલ્પલાઇનની જાણકારી આપના તાબા હેઠળની શાળાઓના ધો-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને મળી રહે તે માટે જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. આ ઉપરાંત કચેરી દ્વારા જિલ્લા કક્ષાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે હેલ્પલાઇન શરૂ કરવા તેમજ આ અંગે આપના દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો મોકલી આપવા જણાવવામાં આવે છે.

## શ્રીનાથજી મઢી આશ્રમના મહંત યોગી ધર્મનાથજી ધામેલિયાને ગાંજાના ગુનામાં જામીન મુક્ત કરતી હાઈકોર્ટ

■ લોધીકા તાલુકાના વાજડી વડ ગામ સીમમાં આવેલા શ્રીનાથજી મઢી આશ્રમમાં રૂપિયા ૬૪ હજાર ના કિંમતના ૬ કિલો અને ૪૯૦ ગ્રામ લીલા ગાંજાના છોડ સાથે ઝડપાયેલા



લોધીકા, તા. ૨૨ઃ લોધીકા તાલુકાના વાજડી વડ ગામ સીમમાં આવેલા શ્રીનાથજી મઢી આશ્રમમાં રૂપિયા ૬૪ હજાર ના કિંમતના ૬ કિલો અને ૪૯૦ ગ્રામ લીલા ગાંજાના છોડ સાથે ઝડપાયેલા મહંત યોગી શ્રી ધર્મનાથજી ઉર્ફે જીગ્નેશ ધામેલીયા ને હાઇકોર્ટ જામીન ઉપર મુક્ત કરતો હુકમ કર્યો છે.

વધુ વિગત મુજબ શહેરના કાલાવડ રોડ નજીક આવેલા મેટોડા પાસે વાજડી (વડ) ગામની સીમમાં આવેલા શ્રીનાથજી મઢી આશ્રમ ગાંજાનું વાવેતર હોવાનું એસસોજીને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી આશ્રમમાં રૂપિયા ૬૪૦૦૦ ની કિંમત તેના ૬ કિલો અને ૪૯૦ ગ્રામ ગાંજાના જથ્થા સાથે મહંત યોગી ધર્મનાથજી ઉર્ફે જીગ્નેશ ધામેલીયાની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યો હતો. હાલ જેલહવાલે રહેલા યોગી ધર્મનાથજી ઉર્ફે જીગ્નેશ ધામેલીયાની સેશન્સ કોર્ટે રેગ્યુલર જામીન અરજી ફગાવી દીધી હતી.

જે હુકમથી નારાજ થઇ હાઇકોર્ટમાં જામીન મેળવવા અરજી કરી હતી.જે હરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલમાં તપાસ પુર્ણ થતા પહેલા ફરીયાદ મુજબ છોડનુ વાવેતર કરેલ નહી હોવાનુ અને મહંતના કબજામાંથી નાર્કોટીક્સ પદાર્થ કબજે લેવાયેલ ન હોય તેવી હકીકત સ્પષ્ટ હોય તેવા સંજોગો મુજબ અને સુપ્રિમ કોર્ટ અને અલગ અલગ હાઈકોર્ટના ચુકાદાઓ ટાંકી ધારદાર રજુઆતો કરતા ગુજરાત હાઈકોર્ટ ધ્વારા મહંતને જામીન મુક્ત કરવા આદેશ ફરમાવેલો છે. શ્રીનાથજી મઢીના મહંત યોગી ધરમનાથ ગુરૂ દેવીનાથજી વતી મેહુલ પાડલીયા , ગોંડલીયા એસોસીએટસના જયેન્દ્ર એચ. ગોડલીયા, હિરેન ડી. લિંબડ, દિલીપસિંહ જાડેજા, મોનિષ જોષી, પારસ શેઠ, કુલદિપસિંહ વાઘેલા, કરણ ડી. કારીયા (ગઢવી), કાજલબેન ખસમાણી, શીરાકમુદ્દીન એમ. શેરશીયા, ખુશીબેન ચોટલીયા, નીરાલીબેન કોરાટ, વિરલ વડગામા, ક્રિષ્નાબેન પીઠડીયા, પીયુષ કોરીંગા, મૌલિક ગોધાણી, સમીર શેરશીયા, ધારા બગથરીયા, પ્રિયંકાબેન સાગઘ્રા, કેતન રાખસીયા, દિક્ષીત કોટડીયા, મયુર ગોંડલીયા, ધવલ જેઠવા, મનીષ ત્રીવેદી, મનીષ ઠાકર, યશ સોની, ભુમી મહેતા, દિપક રાઠોડ, કૌશીક ઉનાગર, યશ રાદડીયા તથા પ્રિયાંશ ધિનોરા, પદમાવતીબેન રોકાયેલ હતા.

## કાલાવડ પંથકના બામણગામે લાલ બટેટાની ખેતીની શરૂઆત કરતા ધરતીપુત્રો



કાલાવડ તાલુકાના બામણગામ - દાણીધાર મંદિરની બાજુમાં ખેડૂતો દ્વારા બટેટાની ખેતીની શરૂઆત કરી છે ત્યારે બાલાજી વેફર્સ ગ્રુપના ચંદુભાઈ વિરાણી ઉપસ્થિત રહ્યા હતા અને ખેડૂતોને પ્રોત્સાહન પૂરું પાડેલ હતું.આ તકે ડ્રોન દ્વારા દવાનો છંટકાવ ઇફ્કો સંસ્થા એગ્રી બિઝનેશ સેન્ટરના નિકુંજભાઈ દ્વારા કરવામાં આવેલ હતો.આ ઉપરાંત કાલાવડ તાલુકા વિસ્તરણ અધિકારી ખેતી સાગરભાઈ કેરાળિયા દ્વારા મુલાકાત કરેલ હતી અને ડ્રોન માં સબસીડીનો મહત્તમ મળે તે બાબતે માહિતી આપેલ હતી.

# GPSCનો નિર્ણયઃ જાતિનું પ્રમાણપત્ર ન હોય તે પણ કેટેગરીમાં અરજી કરી શકશે

GPSC (ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન) દ્વારા લેવામાં આવતી વિવિધ પરીક્ષાઓ દરમિયાન ઉમેદવારો અને પરીક્ષકોને સરળતા રહે તે માટે ત્રણ મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે.ર

GPSC (ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન) દ્વારા લેવામાં આવતી વિવિધ પરીક્ષાઓ દરમિયાન ઉમેદવારો અને પરીક્ષકોને સરળતા રહે તે માટે ત્રણ મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે. આયોગના ચેરમેન હસમુખ પટેલ દ્વારા ટ્વિટ કરી આ ત્રણેય નિર્ણયો અંગે જાણકારી આપી હતી. જે ભરતીમાં અનુભવની જરૂર ન હોય તેમાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ અરજી કરી શકશે. આયોગમાં ઈન્ટરવ્યૂ માટે આવતા ઉમેદવારોને નાસ્તો-ભોજન આપવાનો પણ નિર્ણય કરાયો છે.

નિબંધલક્ષી પરીક્ષામાં સારા



પરીક્ષક મળે તે માટે પ્રશ્નપત્ર તપાસવાનું મહેનતાણું આયોગ દ્વારા બમણું કરવામાં આવ્યું, આ કામ કરવાની ઈચ્છા ધરાવનાર પરીક્ષકો આયોગનો સંપર્ક કરી શકે છે.છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ પણ અરજી કરી શકે તેવી રજૂઆતને પગલે અનુભવ સિવાયની તમામ ભરતીમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા ઉમેદવારો અરજી કરી શકે તથા કેટેગરીનું પ્રમાણપત્ર ન હોય તેવા લોકો પણ કેટેગરીમાં અરજી કરી શકે તેવો નિર્ણય આયોગે લીધેલો છે. આયોગમાં ઈન્ટરવ્યૂ આપવા આવનાર ઉમેદવારોને સવારે નાસ્તામાં ફળો તથા બપોરે જમવાનું આપવામાં આવશે.

હસમુખ પટેલ સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેતા હોય છે અને તેઓ યુવાનોનો અને પોતાની વચ્ચે અંતર ન રહે તે માટે નાનામાં નાની બાબતનો ઉલ્લેખ કરતા રહે છે. અગાઉ ગૌણ સેવામાં જ્યારે તેઓ સેવા આપતા હતા ત્યારે પણ નાની-નાની બાબતોને લઈને યુવાનોને અડચણ ન પડે તે માટે સતત જરૂરી માહિતી શેર કરતા રહેતા હતા. હવે તેઓ GPSCના ચેરમેન બન્યા છે અને નવી જવાબદારી સંભાળી છે ત્યાં પણ તેઓ યુવાનોને પરીક્ષાને અનુલક્ષીને જરૂરી માહિતી આપતા રહે છે, જો ઉમેદવારો તરફથી કોઈ શંકા કે સમસ્યા હોય તે અંગે પણ તેઓ માહિતી આપતા રહે છે. આ સિવાય ઈન્ટરવ્યૂ, પરીક્ષા, ફોર્મ ભરવું, નવી જાહેરાત વગેરે અંગે પણ માહિતી આપતા રહે છે.

# જંત્રી વધારો જનતા અને બિલ્ડરોને પાયમાલ કરશેઃ અમીત ચાવડા

- દેવગઢ બારિયામાં મનરેગા યોજનામાં ૧૦૦ કરોડના ભ્રષ્ટાચારની વિજિલન્સ તપાસ કરો, બનાસકાંઠાના વિભાજનને રાજકીય ગણાવતા ચાવડા કોંગ્રેસના નેતા અમિત ચાવડા

અમદાવાદ, તા. ૨૨: કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ સરકારના એકતરફી જંત્રી વધારાને જનતાના માથે બોજ ગણાવતાં આકરો વિરોધ કર્યો છે. ચાવડાએ જણાવ્યું કે, આ વધારાથી ખેડૂતો, માધ્યમ વર્ગના લોકો અને બાંધકામ ઉદ્યોગ પર ગંભીર અસર થશે.તેમણે આક્ષેપ કર્યો કે સરકારની આ પગલાંથી મકાન, દુકાન અને જમીનના ભાવમાં ૩૦થી ૪૦ ટકાનો વધારો થશે. આ ઉપરાંત, રજીસ્ટ્રેશન અને સ્ટેમ્પ ડ્યુટીમાં પણ વધારો થશે.

ચાવડાએ ઉલ્લેખ કર્યો કે આ પ્રકારના નિર્ણયથી બાંધકામ ઉદ્યોગના અનેક પ્રોજેક્ટ રદ કરવા પડશે, જે અર્થતંત્ર અને રોજગારી માટે નુકસાનકારક છે. તેમણે કહ્યું કે આ વધારો ફક્ત સરકારની તિજોરી ભરવા માટે કરવામાં આવ્યો છે.

દાહોદના દેવગઢ બારિયામાં મનરેગા યોજનામાં ૧૦૦ કરોડના ભ્રષ્ટાચારનો આક્ષેપ કર્યો છે. ચાવડાએ જણાવ્યું કે, મનરેગામાં એક જ ગામમાં ૧૭ આંતરિક રસ્તા મંજૂર થયા છે, પણ કોઈ કામ થયું નથી. અન્ય ગામોમાં ૩૩ રસ્તાઓમાં પણ ભ્રષ્ટાચાર થયો છે.

તેમણે આરોપ મૂક્યો કે ભ્રષ્ટાચાર કરનાર ત્રણ એજન્સીઓ મંત્રીના પરિવારના માલિકત્વમાં છે અને આ એજન્સીઓએ કામ કર્યા વગર રકમ ઉપાડી છે. આ ભ્રષ્ટાચારની તપાસ માટે વીજિલન્સ અથવા SITની રચના કરવી જોઈએ.

ચાવડાએ બનાસકાંઠા વિભાજન મુદ્દે સરકાર પર



સ્થાનિક લોકો સાથે ચર્ચા કર્યા વિના નિર્ણય લેવાયો હોવાનો આક્ષેપ કર્યો છે. તેમણે કહ્યું કે આ વિભાજન લોકહિતના બદલે રાજકીય એજન્ડા પર આધારિત છે. તેમણે ચેતવણી આપી કે વિભાજનના આ નિર્ણય સામે ઉગ્ર આંદોલન થઈ શકે છે.

ચાવડાએ જણાવ્યું કે રાજ્યમાં છેલ્લા બે વર્ષથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ કરવામાં આવી નથી. ૧૭ તાલુકા પંચાયત સહિત ત્રીજા ભાગના રાજ્યમાં વહીવટ સરકારના અધિકારીઓ ચલાવે છે. તેમણે OBC અનામત મુદ્દે જણાવ્યું કે ઝવેરી કમિશનના રિપોર્ટને જાહેર ન કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય સમૂહના હિતને અવગણવા જેવું છે. તેમણે આરોપ લગાવ્યો કે સરકારના રાજકીય એજન્ડા હેઠળ ૨૭% અનામત મુદ્દે અન્યાય થયો છે.

અમિત ચાવડાએ આ મુદ્દાઓ પર સરકારની તિજોરી ભરવા માટે પ્રજાના હિત સાથે સમજૂતી કરાઈ છે તેમ જણાવી, તમામ નિર્ણયો પર પુનર્વિચાર કરવાની માંગણી કરી છે.




# સિંહના મળમાંથી માનવીમાં જોવા મળતા કૃમિ દેખાયા!

- **નરસિંહ મહેતા યુનિ.ના રીસર્ચ ફેલોએ ગીરના જંગલમાંથી નમૂના એકત્ર કર્યા ગિરના જંગલમાં વસતા સિંહોમાં માનવીમાં જોવા મળતા કૃમિ મળી આવતા સંશોધકોમાં આશ્ચર્ય**
- **નરસિંહ મહેતા યુનિ.ના રીસર્ચ ફેલોએ ગીરના જંગલમાંથી નમૂના એકત્ર કર્યા**

ગિરના જંગલમાં વસતા સિંહોમાં માનવીમાં જોવા મળતા કૃમિ મળી આવતા સંશોધકોમાં આશ્ચર્ય ફેલાયું છે


જૂનાગઢની ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં ચાલી રહેલા સેન્ટર ફોર એક્સેલન્સમાં કાર્યરત સેજલ વાળા નામનાં સંશોધક ગીરનારમાં વાઈલ્ડ લાઈફ પેરાસાઈકોલોજી પ્રોજેક્ટ હેઠળ સિંહની વિષ્ટા પર કામ કરે છે. સેજલ વાળાને થોડા વખત પહેલાં સિંહની ભીની વિષ્ટાના નમુનામાંથી ૩ પ્રકારના કૃમિની જાતિ મળી આવી હતી. જેના હોસ્ટ માનવીમાં જોવા મળતા હોય છે. આ કૃમિનું નામ ટ્રાયક્યુરીઝટ્રાયક્યુરીયા છે. જે ફક્ત માનવીમાંજ જોવા મળે છે. આ કૃમિ માનવીમાંથી કોઈક રીતે સિંહમાં ટ્રાન્સફર થયા હોય તોજ આ શક્ય બને કારણકે, આ પ્રકારના કૃમિ માંસાહારી પ્રાણીઓમાં જોવા મળતા નથી. આ નમુનામાં કૃમિ ઉપરાંત તેના લારવા અને ઈંડા પણ દેખાયા હતા એમ પણ તેમણે જણાવ્યું હતું.

જોકે, આ કૃમિ સિંહના શરીરમાં કેવી રીતે પહોંચ્યા એનો ચોક્કસ તાગ નથી મળ્યો. પણ ગંદુ પાણી પીવાને લીધે આમ થયું હોઈ શકે. આ સિવાય ગાય જે એંઠવાડ ખાય અને તેનું મારણ સિંહ કરે એમાંથી, માખી થકી પણ સિંહના શરીરમાં પહોંચી શકે છે.સિંહની માનવીના વસવાટમાં અવરજવર વધવાને લીધે એક બીજાના શરીરમાં રહેલા સૂક્ષ્મ બેક્ટેરિયા (પેથોજન્સ) નું એકબીજામાં આદાનપ્રદાન થવું સ્વાભાવિક છે. પણ એને લીધે શું અસરો થાય છે એના પર અમારું સેન્ટર કામ કરી રહ્યું છે. આમાં સિંહમાંથી માનવીમાં પેથોજન્સ ટ્રાન્સમીટ થવાની શક્યતા ઘણીજ ઓછી છે. પણ માનવીમાંથી સિંહમાં ટ્રાન્સમીટ થવાની શક્યતા વધુ હોય છે. એમાં ગુડ બેક્ટેરિયા કેટલા અને બેડ બેક્ટેરિયા કયા એના પર સંશોધન કાર્ય હાલ ચાલી રહ્યું છે. તેમ નિશિથ ધારૈયા, ડાયરેક્ટર, સેન્ટર ફોર એક્સેલન્સે જણાવ્યું હતું.કામધેનું યુનિ.ના આસી. પ્રોફેસર ડો. વિનય કાલરિયાનું કહેવું છે કે, માનવીમાંથી પ્રાણીમાં કે પ્રાણીમાંથી માનવીમાં જે બેક્ટેરિયા અથવા વાયરસ ટ્રાન્સમીટ થાય તેને જુનોટિક ડીસીઝ કહેવાય છે. જે પાલતુ પ્રાણીઓ સિંહનો ખોરાક બને એમાં મુખ્યત્વે ગાય, ભેંસ, શ્વાન, બકરાં, ઘેટાં મુખ્ય હોય છે. આ પ્રાણીઓ માનવી સાથે સતત સંપર્કમાં આવવાથી માઈક્રો ઓર્ગેનિઝન ટ્રાન્સમીટ થાય છે. જેમકે, ગૌવંશ કે શ્વાન માનવ મળના સંપર્કમાં આવે, કચરો અથવા એંઠવાડ ખાય, શ્વાનો માનવીને બચકું ભરે અથવા મચ્છર કરડે તો પણ તે ટ્રાન્સમીટ થાય છે. જોકે, આ રીતે બધાજ રોગ કે ઓર્ગેનિઝમ ટ્રાન્સમીટ થાયજ એવું પણ નથી.



**વન્યજીવો પર કેટલા સંશોધન શરૂ થયાઃ ગુજરાતનાં વન્યપ્રાણીઓ ક્યાં સુધી ફેલાયેલા છે? માનવી સાથે તેનો સંપર્ક કેવા પ્રકારનો છે?ઃ તે માનવી પર હુમલા ક્યારે કરે છે?ઃ માનવી પર સિંહનો હુમલો ન થાય એ માટે શું કરવું જોઈએ?ઃ ચોક્કસ વિસ્તારમાં તેનો ખોરાક શું છે?ઃ તેના આરોગ્ય પર અસર કરતા પરીબળો ક્યા છે?**

# માહિમ અને બ્રાંદ્રા વચ્ચે પુલના નિર્માણના કારણે ટ્રેનો રદ કરાઈ



■ **માહિમ અને બાંદ્રા વચ્ચેના પુલ નંબર ૨૦ પર કામને લઈને શોર્ટ ટર્મિનેટ, રિશિડ્યૂલ કરવામાં આવી**

મુંબઈ, તા. ૨૨ઃ માહિમ અને બાંદ્રા વચ્ચેના પુલ નંબર ૨૦ પર કામને લઈને રેલવે વ્યવહાર પ્રભાવિત થશે. એબટમેન્ટના પુનર્નિર્માણ કાર્યને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થવાની છે. કામને ધ્યાનમાં રાખીને ૨૪/૨૫/૨૬ જાન્યુઆરીની મધ્યરાત્રિએ મુખ્ય બ્લોક લેવામાં આવશે. બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. રેલવે વિભાગે મુસાફરોને આ ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરવા અપીલ કરી છે. મુંબઈ-હાપા ટ્રેન રદ કરાઈ જ્યારે અમદાવાદ દાદર અને પોરબંદર દાદર શોર્ટ ટર્મિનેટ કરાઈ કરા છે.

રદ થનારી ટ્રેનોમા ૨૫ જાન્યુઆરીની ટ્રેન નંબર ૧૨૨૬૭ મુંબઈ સેન્ટ્રલ - હાપા દુરંતો એક્સપ્રેસ અને ૨૬ જાન્યુઆરીની ટ્રેન નંબર ૧૨૨૬૮ હાપા-મુંબઈ સેન્ટ્રલ દુરંતો એક્સપ્રેસ રદ રહેશે.

શોર્ટ ટર્મિનેટ થનારી ટ્રેનોમા ૨૫ જાન્યુઆરીની ટ્રેન નંબર ૧૨૯૦૨ અમદાવાદ-દાદર ગુજરાત મેલ પાલઘર ખાતે શોર્ટ ટર્મિનેટ થશે અને પાલઘર અને દાદર વચ્ચે આંશિક રીતે રદ રહેશે જ્યારે ૨૪ જાન્યુઆરીની ટ્રેન નંબર ૧૯૦૧૬ પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ બોરીવલી ખાતે શોર્ટ ટર્મિનેટ થશે અને બોરીવલી અને દાદર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

શોર્ટ ઓરીજીનેટ થનારી ટ્રેનોમા ૨૬ જાન્યુઆરી ની ટ્રેન નંબર ૧૯૦૧૫ દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ બોરીવલીથી શોર્ટ ઓરીજીનેટ થશે અને દાદર અને બોરીવલી વચ્ચે આંશિક રીતે રદ રહેશે તથા ૨૫ જાન્યુઆરીની ટ્રેન નંબર ૨૨૯૪૬ ઓખા-મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ બોરીવલીથી શોર્ટ ટર્મિનેટ થશે અને બોરીવલી અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

રીશિડ્યૂલ/રેગ્યુલેટ થનારી ટ્રેનોમા ૨૫ જાન્યુઆરીની ટ્રેન નંબર ૨૦૯૦૧ મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ રીશિડ્યૂલ કરવામાં આવશે અને આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલથી ૦૬ઃ૧૫ વાગ્યે ઉપડશે, ૨૬ જાન્યુઆરી ની ટ્રેન નંબર ૨૦૯૦૧ મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ રીશિડ્યૂલ કરવામાં આવશે અને આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલથી સવારે ૦૮ઃ૧૫ વાગ્યે ઉપડશે, ૨૫ જાન્યુઆરી ની ટ્રેન નંબર ૨૨૯૫૩ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસનું રીશિડ્યૂલ કરવામાં આવશે અને આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલથી સવારે ૦૬ઃ૪૦ વાગ્યે ઉપડશે, ૨૬ જાન્યુઆરીની ટ્રેન નંબર ૨૨૯૫૩ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસનું રીશિડ્યૂલ કરવામાં આવશે અને આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલથી સવારે ૦૮ઃ૧૫ વાગ્યે ઉપડશે , ૨૫ જાન્યુઆરી ની ટ્રેન નંબર ૧૨૨૬૮ હાપા-મુંબઈ સેન્ટ્રલ દુરંતો એક્સપ્રેસ ૪૫-૫૦ મિનિટ રેગ્યુલેટ થશે.

# ગુજરાતમાં હવે ધર્મસ્થળો પરના લાઉડ સ્પીકરો સામે ઝુંબેશ



■ **લુણાવાડા મસ્જિદ ઉપરથી ઘોંઘાટિયા લાઉડ સ્પીકરો ઉતરાવતું તંત્ર, જાહેરનામા ભંગની કાર્યવાહી**

અમદાવાદ, તા. ૨૨ઃ ગુજરાતમા દરિયાકાંઠાના વિસ્તારોમા ગેરકાયદે બાંધકામો ઉપર સરકારે બુલડોઝરો ફેરવ્યા બાદ હવે સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ ઉંચા અવાજનુ પ્રદુષણ ફેલાવતા ધર્મસ્થળો પરના લાઉડ સ્પીકરો હટાવવાનુ શરૂ કરાયુ છે અને મહિસાગર જિલ્લાનાં લુણાવાડા ખાતે મસ્જીદ ઉપર ઉંચા અવાજે વાગતા લાઉડ સ્પીકર ઉતારી તંત્ર દ્વારા જાહેરનામા ભંગની કાર્યવાહી કરવામા આવી હતી. નોઈસ પોલ્યુશન એક્ટ અને સુપ્રીમ કોર્ટની જોગવાઈઓ અનુસાર અમુક ડેસિબલથી વધારે ઊંચા અવાજથી વગાડતા સ્પીકરને ઉતારી લેવા સહિતની કાર્યવાહી ગુજરાતમાં શરૂ કરવામાં આવી હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. પર્યાવરણ સંરક્ષણ માટેની નોઇસ પોલ્યુશન એક્ટ અને સુપ્રીમ કોર્ટની જોગવાઈઓ અનુસાર અમુક ડેસિબલથી વધારે ઊંચા અવાજથી વાગતા લાઉડ સ્પીકરોને ઉતારી લેવા સહિતની કામગીરી મહિસાગર જિલ્લામાં કરવામાં આવી છે. માહિતી અનુસાર, મહીસાગર જિલ્લામાં લુણાવાડા ખાતે આવેલા મસ્જિદ મહેરૂન્નિસ્સાની આસપાસની હોસ્પિટલ, શાળાઓ અને રહીશોની ફરિયાદ બાદ પોલીસે આ કાર્યવાહી કરી છે અને જાહેરનામાનો ભંગ કરતી મસ્જિદ પર લાગેલા લાઉડ સ્પીકરોને ઉતારી લેવામાં આવ્યા છે. આરોપ અનુસાર, જિલ્લાનાં લુણાવાડા ખાતે આવેલી મહેરૂન્નિસ્સા મસ્જિદ પર ૭ જેટલા લાઉડ સ્પીકર લગાવવામાં આવ્યા હતા. જાહેરનામાનો ભંગ કરીને આ લાઉડ સ્પીકર નક્કી કરેલ અમુક ડેસિબલથી વધારે ઊંચા અવાજથી વાગતા હોવાની ફરિયાદ મળતા મસ્જિદ પરથી લાઉડ સ્પીકર ઉતારી લેવા સહિતની કાર્યવાહી કરવામાં આવી હતી.

# બેટદ્વારકાના વિવાદિત બાંધકામોનો ડ્રગ્સની હેરાફેરી માટે ઉપયોગ થતો

અમદાવાદ, તા. ૨૨ઃ મુંજાવરો વિસ્ફોટકો રાખતા હતા, હાઈકોર્ટમાં રાજ્ય સરકારની ધારદાર દલીલો, આજે પણ સુનાવણી બેટ દ્વારકામાં દરગાહ સહિતની જગ્યાઓના ડિમોલિશનની સામે હાઇકોર્ટમાં રિટ પિટિશન થઇ છે અને મુંજાવરો વિસ્ફોટકો રાખતા હતા, હાઈકોર્ટમાં રાજ્ય સરકારની ધારદાર દલીલો, આજે પણ સુનાવણી, બેટ દ્વારકામાં દરગાહ સહિતની જગ્યાઓના ડિમોલિશનની સામે હાઈકોર્ટમાં રિટ પિટિશન થઇ છે અને એમાં હાઇકોર્ટે અગાઉ સ્ટેટસ ક્વો(યથાવત સ્થિતિ) જાળવી રાખવાનો આદેશ કર્યો હતો. સોમવારે આ કેસની સુનાવણીમાં સરકાર તરફથી મુખ્ય સરકારી વકલી જી.એચ. વિર્કે આ સ્ટેટસ ક્વો દૂર કરવાની દલીલ કરી હતી. જેમાં એવી રજૂઆત કરી હતી કે સરકારી તપાસમાં બહાર આવ્યું છે કે આ



વિવાદીત બાંધકામોનો ઉપયોગ ડ્રગ ટ્રાફિકિંગમાં થતો હતો. એટલું જ નહીં દરગાહના મુજાવર દ્વારા વિસ્ફોટકો અહીં રખાતા હતા. બીજી તરફ અરજદાર પક્ષે જવાબ રજૂ કરવા મુદત માગતા કેસની સુનાવણી આજરોજ મુકરર કરાઈ છે.

આ મામલે રાજ્ય સરકાર તરફથી એવી ધારદાર દલીલ કરવામાં આવી હતી કે અરજદારો વિરૂદ્ધ એવા મટિરિયલ મળ્યા છે કે તેમણે રિટ પિટિશનમાં મિસરિપ્રેઝન્ટેશન કર્યું છે અને કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કર્યો છે. આ મામલે અરજદારોના જે બાંધકામોને નહીં તોડવા માટેનો સ્ટેટસ ક્વોનો આદેશ નામદાર હાઈકોર્ટ દ્વારા કરવામાં આવ્યો છે, પરંતુ સરકાર તરફથી અમે એવો દાવો કરીએ છીએ કે અમને તપાસમાં મળી આવ્યું છે કે જે વિવાદીત બાંધકામો છે એનો ઉપયોગ ડ્રગ ટ્રાફિકિંગ (ડ્રગ્સની હેરાફેરી) માટે કરવામાં આવતો હતો. અહીં બોમ્બ બ્લાસ્ટ પણ થયો હતો અને દરગાહના મુજાવર વિસ્ફોટકો રાખતાં હોવાનું પણ સામે આવ્યું હતું. તેથી સરકારને આ કેસમાં અરજન્સી છે અને સ્ટેટસ ક્વો દૂર કરવામાં આવે એવી માગ છે. સરકાર તરફથી એવી દલીલ પણ કરવામાં આવી હતી કે,આ વિવાદીત સંપત્તિઓ વકફની છે જ નહીં. બે અરજીઓમાં તો જમીન કબ્રસ્તાનની છે. ત્યારે સરકાર દ્વારા સેટેલાઇટ ઇમેજીસ લેવામાં આવી છે અને એમાં એવું સામે આવ્યું છે કે કબ્રસ્તાનની જમીન પર દબાણકર્તાઓએ વિશાળ બાંધકામો ખડકી દીધા છે. કબ્રસ્તાનની જમીન ઉપર આવા બાંધકામો કઇ રીતે શક્ય છે.

# શહીદ પોલીસ જવાનની ગરિમા જાળવવા પોસ્ટમોર્ટમ ન કરવા સરકારની વિચારણા

- **ભુવનેશ્વરમાં ઓલ ઈન્ડિયા ડીજી–આઈજી કોન્ફરન્સમાં વ્યક્ત કરવામાં આવેલી મૃતકોની ગરિમા જાળવવા અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ચિંતાઓનો જવાબ આપતા, ગુજરાત પોલીસે એક અગ્રણી પગલું આગળ**

નવી દિલ્હી, તા. ૨૨ઃ ભુવનેશ્વરમાં ઓલ ઈન્ડિયા ડીજી-આઈજી કોન્ફરન્સમાં વ્યક્ત કરવામાં આવેલી મૃતકોની ગરિમા જાળવવા અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ચિંતાઓનો જવાબ આપતા, ગુજરાત પોલીસે એક અગ્રણી પગલું આગળ વધાર્યું છે.

પોલીસ મહાનિર્દેશક અને ગુજરાત પોલીસ દળના વડા વિકાસ સહાયે સોમવારે ગાંધીનગરના પોલીસ ભવનમાં એક મહત્વપૂર્ણ બેઠક બોલાવી હતી. વરિષ્ઠ પોલીસ અધિકારીઓ તબીબી નિષ્ણાતો, ફોરેન્સિક નિષ્ણાતો અને કાયદાકીય સલાહકારો સાથે બિનજરૂરી પોસ્ટમોર્ટમ




ટાળવા માટેની રીતો પર ચર્ચા કરી હતી.

આ ચર્ચા અકુદરતી મૃત્યુ પર કેન્દ્રિત હતી જે શંકાસ્પદ નથી. આવા કેસમાં તપાસ માટે જવાબદાર તમામ - તબીબી, ફોરેન્સિક અને પોલીસ અધિકારીઓ - જેઓ સામેલ છે તેમના તરફથી હકારાત્મક પ્રતિભાવ સાથેની આ પ્રથમ મીટિંગ હતી, આ અંગે ઉત્કૃષ્ઠ સહાયે જણાવ્યું હતું. મોટા ભાગના લોકો સંમત થયા કે ટેક્નોલોજી તબીબી-કાનૂની કેસોમાં મૃત્યુનું કારણ નક્કી કરવામાં મદદ કરી શકે છે, જેનાથી મૃતકની ગરિમા જાળવવામાં આવે છે, તેમણે ઉમેર્યું. આધુનિક સાધનો જેવા કે ખછઈ સ્કેન અને અદ્યતન એક્સ-રે કેટલાક કિસ્સાઓમાં પરંપરાગત પોસ્ટ-મોર્ટમને બદલી શકે છે. આ ટેક્નોલોજીઓ પોલીસ અને મેડિકલ વિભાગો માટે પહેલેથી જ ઉપલબ્ધ છે. શબપરીક્ષણ કેટલીકવાર માત્ર ઔપચારિકતા તરીકે કરવામાં આવે છે, ભલે સંજોગો શંકાસ્પદ ન હોય. તેમણે સ્વીકાર્યું કે પરિવારોને ઘણીવાર પોસ્ટમોર્ટમ પ્રક્રિયાઓ દુઃખદાયક લાગે છે.

ડીજીપી સહાયે જણાવ્યું હતું કે, હું એવા ઘણા લોકોને મળ્યો છું જેઓ તેમના પ્રિયજનોના મૃતદેહ પર સ્પષ્ટ કેસોમાં પોસ્ટમોર્ટમ કરાવવા માંગતા નથી.વ્યક્તિગત રીતે, હું આવા કિસ્સાઓમાં પોસ્ટમોર્ટમ ટાળવાનું પણ પસંદ કરીશ, જ્યાં સુધી અમે ન્યાય થાય તેની ખાતરી કરી શકીએ. પહેલનો ઉદ્દેશ પરિવારોની લાગણીઓને માન આપવા અને તપાસની અખંડિતતા જાળવવા વચ્ચે સંતુલન જાળવવાનો છે.

મોટાભાગના લોકો સંમત થયા હતા કે ટેક્નોલોજી તબીબી-કાનૂની કેસોમાં મૃત્યુનું કારણ નક્કી કરવામાં મદદ કરી શકે છે, જેનાથી મૃતકની ગરિમા જાળવી શકાય છે.

# ગુજરાતના ૬૪% બાળકોને સ્માર્ટ ફોન- સોશિયલ મીડિયા એડિક્શન

## એક વર્ષમાં ૧૨થી ૧૭ વર્ષના બાળકોના મોબાઈલ ન મળવાથી કે ગેમ ન રમવા દેવાતા આપઘાતના છ બનાવ નોંધાયા

### ■ મોબાઈલ ફોનનું વળગણ એ ડ્રગ્સના નશા કરતાં પણ ભયંકર છે

મોબાઈલ ફોન કોઈપણ ઊંમરની વ્યક્તિ માટે કોઈ ક્ષણે તો તેની નજીકના માણસ કરતાં પણ વધારે જરૂરી બની ગયાં હોય તેવો અહેસાસ કોઈને કોઈ વખત તમામ લોકોને થયો જ હશે. આંચકારૂપ બાબત એ છે કે, મોબાઈલ ફોન બાળકને એકલવાયાં બનાવી રહ્યાં છે અને અમુક કિસ્સામાં તો બાળકો પોતાની જિંદગી આપવા સુધીના પગલાં ભરી રહ્યાં છે. વિતેલા એક જ વર્ષમાં ગુજરાતમાં ૧૨થી ૧૭ વર્ષના બાળકોએ મોબાઈલ ફોન ન મળવાથી કે મોબાઈલ ફોન ઉપર કોઈ ગેમ કે અન્ય વળગણથી આપઘાત કર્યાના છ બનાવ બની ચૂક્યાં છે. મોબાઈલ ફોનથી આવતી નિરાશાના કારણે આપઘાત, આપઘાતના પ્રયાસ કે હિંસાત્મક બનાવોના પગલે સરકારે સ્માર્ટ ફોનના વળગણ સામે સ્કૂલો માટે એડવાઈઝરી બનાવવા નિર્ણય કર્યો છે. મોબાઈલ ફોનનો સતત ઉપયોગ વધવાથી બાળકો વધુને એકલવાયાં બની રહ્યાં છે. તાજેતરના ક્રિમિનોલોજી અને સાયકોલોજીના રિસર્સ ખતરાની ઘંટડી વગાડતાં કહે છે કે, મોબાઈલ ફોનનું વળગણ એ ડ્રગ્સના નશા કરતાં પણ ભયંકર છે. વર્ષ ૨૦૨૪માં કરાયેલા એક સર્વે અનુસાર સામાજીક, માનસિક, દેખાદેખીથી અને યુવા માતા-પિતામાં પોતાના માટે થોડો સમય મ ે ળ વ વ । બાળકોને મોબાઈલ ફોન પકડાવી દેવાની વૃત્તિ ભયજનક રીતે વધી છે.

આ કારણે બાળકોમાં મોબાઈલ ફોનનું વળગણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. ભવિષ્ય માટે ખતરાની ઘંટડી એ છે કે, મોબાઈલ ફોનનો સતત ઉપયોગ વધવાથી બાળકો વધુને એકલવાયાં બની રહ્યાં છે. બાલ્યાવસ્થાથી કિશોરાવસ્થાના સમયગાળા વચ્ચે મહત્તમ સ્ક્રીનટાઈમ ધરાવતાં બાળકોને મોબાઈલ ફોન એ હદે અસર કરે છે તેમાં દર્શાવાતી બાબતો સાચી માની લે છે. મોબાઈલ ફોનથી સ્ક્રીન-ફ્રેન્ડ બનતાં દોસ્તોની સફળતા અને પોતાની નિષ્ફળતા તેમના કુમળા માનસ ઉપર ઘેરી અસર પહોંચાડે છે.બાળકોમાં સ્માર્ટફોનનું અને સોશિયલ મીડિયાનું એડિકશન-વળગણ ખૂબ જ વધ્યું છે, ત્યારે રાજ્ય સરકાર સ્કૂલો માટે એક એડવાઈઝરી તૈયાર કરશે. શિક્ષણ ક્ષેત્રના તમામ અધિકારીઓથી માંડી ચિલ્ડ્રન યુનિવર્સિટી પાસેથી આ માટે સરકારે સૂચનો મંગાવ્યા છે.

રાજયમાં હાલ સ્કૂલોમાં ધો.૧થી ૧૨ના બાળકોને મોબઈલ લઈ જવા પર પ્રતિબંધ છે અને કોલેજોમાં વિદ્યાર્થીઓ મોબાઈલ લઈ જઈ શકે છે, પરંતુ ક્લાસરૂમમાં વિદ્યાર્થીઓને ફોન ચાલુ રાખવા પર મંજૂરી નથી. પરંતુ કોરોનામાં ઓનલાઈન શિક્ષણ સ્કૂલોમાં થ ત । બાળકોમાં સ્માર્ટફોનનું એડિકશન ખૂબ જ વધી ગયુ છે અને પ્રી પ્રાયમરીથી લઈને ધો.૮ સુધીના બાળકોમાં પણ સોશિયલ મીડિયાનું એડિકશન જોવા મળી રહ્યુ છે. ૮૧ ટકા બાળકોને મોબાઈલ જોતા-જોતા ખાવાની આદત

તાજા સર્વેક્ષણ અનુસાર, રાજ્યના ૬૪ ટકા બાળકોને વધતા-ઓછા અંશે મોબાઈલ ફોનની લત છે. સર્વે પૈકીના ૭૬ ટકા ગ્રામ્ય બાળકો મોબાઈલ ઉપર ગેમ રમે છે, ૬૩ ટકાને કોઈપણ ભોગે મોબાઈલ જોઈએ છે, ૮૧ ટકા બાળકો મોબાઈલ ફોન જોતાં-જોતાં જ ખાવાની આદત છે, ૮૫ ટકા બાળકો શારીરિક ગેમ કરતાં મોબાઈલ ગેમ પસંદ કરે છે. તો ૬૬ ટકા માતા-પિતા થોડો સમય મુક્તિ મેળવવા બાળકને મોબાઈલ પકડાવી દે છે.

### અલગ અલગ છ આપઘાતના બનાવ

ભુજના મોખાણા ગામે મોબાઈલ ફોન ગેમમાં હારી જવાથી નિરાશાની ગર્તામાં ધકેલાઈ ૧૭ વર્ષના કિશોરે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો.

બગસરાના વાઘણિયા ગામે રિલ બનાવવાની ઘેલછામાં ૧૫ વર્ષના કિશોરે કેમેરા સામે ઝેરી દવા પી લીધી હતી. ખેડૂત પુત્રને અમરેલી હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે.

૪સુરતના વરાછામાં ધોરણ ૯માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીએ માતા-પિતાએ મોબાઈલ ફોન ખરીદી ન આપતાં આપઘાત કરી લીધો હતો. પિતાએ અભ્યાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા કહીને બાદમાં મોબાઈલ ફોન લઈ આપવા ખાતરી આપી હતી,પરંતુ પુત્રએ જીવન ટૂંકાવી લીધું હતું.

રાજકોટ નજીક ધોરણ ૧૨ વિદ્યાર્થીએ ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું હતું. બોર્ડની પરીક્ષા આવતી હોવાથી પિતાએ મોબાઈલ ફોન લઈ લીધો હતો એટલે ધો. ૧૨ના વિદ્યાર્થીએ જીવન ટૂંકાવ્યું હતું. તો, રાજકોટમાં જ કોલેજીયન સ્ટુડન્ટે ગેમિંગ એપમાં પૈસા ગુમાવતાં આપઘાત કર્યો હતો.

સુરતમાં ધોરણ ૮માં અભ્યાસ કરતી તરૂણીએ મોબાઈલ ફોન મુદ્દે પરિવાર સાથે વિવાદ થતાં ગળાફાંસો ખાઈ લીધો હતો. પાંડેસરામાં રહેતી ૧૪ વર્ષની વિદ્યાર્થિનીને માતાએ મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાની ના પાડી હતી.

મુંબઈમાં પણ ગુજરાતી પરિવારના ૧૬ વર્ષના કિશોરે પરિવારે તેની પાસેથી મોબાઈલ ફોન લઈ લેતાં ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.



# ૩ ફેબ્રુઆરીએ મહાકુંભમાં આસ્થાની ડૂબકી લગાવશે CM ભુપેન્દ્ર પટેલ

પ્રયાગરાજ, તા. ૨૨: હિન્દુ ધર્મનો સૌથી મોટો ધાર્મિક મેળો મહાકુંભ પ્રયાગરાજમાં ચાલી રહ્યો છે. આ મહાકુંભનું પર્વ ૧૪૪ વર્ષ બાદ આવ્યુ હોવાથી કરોડની સંખ્યામાં શ્રદ્ધાળુઓ મહાકુંભમાં આસ્થાની ડુબકી લગાવવા પહોંચ્યા છે આ સાથે ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને નેતાઓ મહાકુંભમાં એક પછી એક હાજરી આપી રહ્યાં છે. ત્યારે હવે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ



કુંભના મેળામાં જશે અને તેઓ ગંગાના ત્રિવેણી સંગમમાં શાહી સ્નાન કરી શકે છે. મળતી માહિતી મુજબ પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળામાં હવે ગુજરાતના મુખ્યમંત્રી પણ હાજરી આપવાના છે. તેઓ ૩જી ફેબ્રુઆરીએ યુપીના પ્રયાગરાજ પહોંચશે,અહીં તેઓ ગંગા ત્રિવેણી સંગમમાં મહાકુંભમાં આસ્થાની ડૂબકી લગાવશે.મહત્વનું છે કે, દર ૧૨ વર્ષે યોજાતો મહાકુંભ માત્ર ધાર્મિક આસ્થાનું પ્રતીક નથી પરંતુ તે માનવતાને એકતા, શાંતિ અને ભક્તિનો સંદેશ પણ આપે છે. ગંગા, યમુના અને અદ્રશ્ય સરસ્વતીના ત્રિવેણી સંગમ ખાતે મહા કુંભનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જે આત્મશુદ્ધિ અને મોક્ષનું દ્વાર છે. મહાકુંભ દરમિયાન દરરોજ સ્નાનનું વિશેષ મહત્વ છે. પરંતુ અમૃત સ્નાન (શાહી સ્નાન) કુંભ મેળાનું મુખ્ય આકર્ષણ છે, જેના માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવે છે.

# મુખ્યમંત્રીની ભૂપેન્દ્ર પટેલની સુરક્ષામાં મોટી ચૂક, CMના કાફલામાં ઘુસી અજાણી કાર

અમદાવાદ, તા. ૨૨: ગુજરાતના CM ભૂપેન્દ્ર પટેલની સુરક્ષામાં મોટી ચૂક થઇ હોવાની ઘટના સામે આવી છે. અમદાવાદના બોપલમાં જાહેર કાર્યક્રમમાંથી પરત આવતા સમયે એક અજાણી કાર ઈખ ભૂપેન્દ્ર પટેલના કોન્વોયમાં ઘુસી ગઇ હતી. બોપલ રીંગ રોડ પાસે પ્રજાસત્તાક પર્વ પહેલા મુખ્યમંત્રીની સુરક્ષામાં ચૂક જોવા મળી હતી. અમદાવાદમાં બોપલમાં પાસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એક જાહેર કાર્યક્રમમાં હાજરી આપીને પરત ફરી રહ્યા



હતાં આ દરમિયાન બોપલ રિંગરોડ પર સુરક્ષામાં ચૂક જોવા મળી હતી. અજાણી કાર મુખ્યમંત્રીના કારના કાફલામાં ઘુસી ગઇ હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો કારનો કાફલો બોપલ રિંગ રોડ પાસેથી પ્રસાર થતો હતો આ દરમિયાન વ્હાઇટ કલરની કાર અચાનક તેમના કાફલામાં ઘુસી ગઇ હતી. જોકે, કાર મુખ્યમંત્રીના કારના કાફલામાં ઘુસતાની સાથે જ પાયલોટ અને જે ટ્રેલ કાર હતી તેમની સમયસૂચકતાથી મોટી ઘટના બનતા ટળી ગઇ હતી. અજાણી કાર મુખ્યમંત્રીના કાફલામાં ઘુસી જતા ફરજ પર હાજર રહેલા પોલીસ કર્મીએ પણ કારને સાઇડ કરવાનો નિર્ણય લીધો હતો.

# શ્રીરામકૃષ્ણ આશ્રમ દ્વારા દિવ્યાંગ બાળકો માટે વિશેષ સ્પર્ધાનું આયોજન કરાયું

રાજકોટ, તા. ૨૨: દિવ્યાંગની બાળકોની પ્રતિભાને બિરદાવવા માટે શ્રીરામકૃષ્ણ આશ્રમ મેડિકલ સેન્ટર, રાજકોટના 'મા શારદા સી.પી. રિહેબિલિટેશન વિભાગ' દ્વારા દર વર્ષે વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે તા. ૧૯ જાન્યુઆરીના રોજ રાજકોટ જિલ્લાના દિવ્યાંગ બાળકો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં જસદણના મહારાજા દરબાર શ્રી સત્યજીતકુમાર ખાચર અને રાણી સાહેબા અલૌકિકા રાજે ગાયકવાડ ખાચર મુખ્ય મહેમાનરૂપે ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમમાં રાજકોટની



વિવિધ સંસ્થાઓ 'પ્રયાસ', 'નવશક્તિ', 'જીનિયસ સુપર કિડ્સ', 'સેતુ', 'એકરંગ', અને 'સ્નેહ નિર્જર'ના દિવ્યાંગ બાળકો તથા શ્રીરામકૃષ્ણ આશ્રમમાં થેરાપી મેળવતા ૨૭૫ દિવ્યાંગ બાળકોએ રંગપુરણી હરીફાઈ, ફેન્સી ડ્રેસ, ટેલેન્ટ શો જેવી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. દરેક બાળકને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. કાર્યક્રમના પ્રારંભે અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજીએ બાળકો વાલીઓ તથા મહેમાનોને આવકાર્યા હતા. વિજેતા બાળકોને મુખ્ય મહેમાનના હસ્તે પરિતોષિક એનાયત કરાયાં હતાં.

# વધુ ૨૧ કિલો અખાદ્ય ફૂડનો નાશઃ છ માસમાં ૪૬૪૧ કિલો વાસી ખાદ્ય પદાર્થ પકડાયા

## પોમોસ પીઝા અને રજની ઢોસામાંથી મન્ચ્યુરીયન, નુડલ્સ, પાસ્તા, સોસ, ભાજી ફેંકી દેતુ ફૂડ તંત્રઃ રાજકોટમાં ફૂડ શાખાની રોજિંદી કામગીરી વચ્ચે બિનઆરોગ્યપ્રદ માલનું પણ ધુમ વેંચાણ





રાજકોટ, તા. ૨૧

મનપાની ફૂડ શાખા દ્વારા ચાલતા સર્વેલન્સ ચેકીંગમાં એક પીઝા પાર્લર અને એક ઢોસાની દુકાનમાંથી વાસી મંચુરીયન, નુડલ્સ, પાસ્તા સહિતના ૨૧ કિલો વાસી ફૂડનો નાશ કરવામાં આવ્યો હતો.

મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન કે.કે.વી. ચોક પાસે, રાજકોટ મુકામે આવેલ પોમોસ પીઝા (એસ.એન. ફૂડ્સ) પેઢીમાં તપાસ કરવામાં આવતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી મંચુરિયન, નુડલ્સ, પાસ્તા તથા સોસનો કુલ ૧૪ કિલો અખાદ્ય જથ્થો મળી આવતા તેનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. ઉપરાંત પેઢીને હાઈજેનિક કન્ડિશન જાળવવા, યોગ્ય સ્ટોરેજ કરવા તથા લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવેલ છે. જયારે વાગડ ચોકડી, મવડી-પાળ રોડ પર આવેલ રજની ઢોસા પેઢીમાં તપાસ કરતા ત્યાંથી પણ વાસી મંચુરિયન તથા ભાજીનો ૭ કિલો અખાદ્ય જથ્થો મળી આવતા સ્થળ પર નાશ કરી દુકાનદારને હાઈજેનિક કન્ડિશન જાળવવા, યોગ્ય સ્ટોરેજ કરવા તથા લાયસન્સ બાબતે નોટીસ આપી હતી. સર્વેલન્સ ચેકિંગ દરમિયાન કોટેચા ચોક, કાલાવડ રોડ પર આવેલ મીત રેસ્ટોરેન્ટને પણ હાઈજેનિક કન્ડિશન જાળવવા નોટીસ અપાઈ છે.

ફૂડ વિભાગની ટીમે રૈયા રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૦ ધંધાર્થીને ત્યાં ૧૭ નમુનાની ચકાસણી કરી ૭ ધંધાર્થીને લાયસન્સ માટે નોટીસ આપી હતી. તેમાં (૧)ગંગોત્રી ડેરી ફાર્મ (૨)રવિ રેસ્ટોરેન્ટ (૩)સંતોષ ભેળ (૪)ચામુંડા સેન્ડવિચ (૫)શ્રી ફૂડ ઝોન (૬)સુપર ચાઈનીઝ પંજાબી (૭)ખત્રી ઘૂઘરાવાળાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત (૮)બાલાજી ફાસ્ટફુડ (૯)બાલાજી દાળપકવાન (૧૦)બજરંગ વડાપાઉં (૧૧)શ્રીનાથજી દાલબાટી (૧૨)બંસી પૂરીશાક (૧૩)શ્રીરામ વડાપાઉં (૧૪)અતુલ બેકરી (૧૫)હીર એન્ટરપ્રાઇઝ (૧૬)હરિકૃષ્ણ દાળપકવાન (૧૭)ગોપાલ ઘૂઘરા (૧૮)શિવ મદ્રાસ કાફે (૧૯)રવિ રાંદલ દાળપકવાન (૨૦)રેવદી મદ્રાસ કાફેમાં તપાસ કરવામાં આવી હતી.દરમ્યાન ફૂડ શાખાએ છેલ્લા છ મહિનામાં કરેલી કામગીરીની વિગત જનરલ બોર્ડને આપી હતી. છ મહિનામાં શહેરમાં ખાણીપીણીના જુદા જુદા ૨૭૭૩ સ્થળે ફૂડ ચેકીંગ કરવામાં આવ્યું હતું અને ૪૦ સ્થળેથી અંદાજે ૪૬૪૧ કિલો માલનો નાશ કરવામાં આવ્યો હતો. આરોગ્યની દ્રષ્ટિએ જોખમી માલનો આ રીતે સમયાંતરે નાશ કરવામાં આવે છે. ૪૦ વેપારીઓને આ બદલ નોટીસ આપવામાં આવી હતી.

## ખેલ મહાકુંભ ૩.૦માં રાજકોટ શહેરકક્ષાની બાસ્કેટ બોલ સ્પર્ધા યોજાઈ



રાજકોટઃ રમતગમત ક્ષેત્રે ગુજરાત રાજ્ય આગવું સ્થાન ધરાવે તે માટે રાજ્યવ્યાપી ખેલ મહાકુંભ અંતર્ગત રાજકોટ ખાતે વિવિધ રમત ગમતની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે રાજકોટ શહેર કક્ષાની બાસ્કેટ બોલ સ્પર્ધા યોજાઈ હતી.

આ ખેલ મહાકુંભમાં સેન્ટ પોલ, એસ.એન.કે., સેન્ટ ઝેવિયર, આર.કે.સી., સેન્ટ મેરી, કે.વી.કે.વી., નિર્મલા સહિતની સ્કુલના ૧૪ તથા ૧૭ વર્ષની વય જૂથના ભાઈઓ અને બહેનો વિજેતા બન્યા હતા. આ સ્પર્ધામાં ઓપન સ્પર્ધામાં ભાઈઓની હુપર્સ, માયનસ, બેક બેન્ચર્સ, વરીયર્સ અને બહેનોની શોકર્સ, બ્યુટી બોલર્સ, જુનિયર બોલર્સ, ટી.એસ.એલ. સહિતની ટીમ વિજેતા બની હતી.

## ઉનાળા પૂર્વેની તૈયારી ભરશિયાળે આજી-ન્યારીમાં ‘‘સૌની’’ ભરપુર પ્રવાહ





રાજકોટ,તા.૨૧

રાજકોટની પાણી સમસ્યાને ભુતકાળ બનાવી દેનારી ‘‘સૌની’’ યોજના રાજકોટ વાસીઓ માટે જીવાદોરી બની ગઈ છે.અને છેલ્લા કેટલાંક વર્ષોથી આયોજના થકી શહેરનાં આજી અને ન્યારી ડેમમાં ચોમાસા સુધી પાણી ખુટતુ જ નથી.ત્યારે તાજેતરમાં જ રાજકોટ મહાનગર પાલિકાએ વધુ એકવાર બંન્ને ડેમોમાં નર્મદાનિર છોડવાની સરકાર પાસે માંગણી કરી હતી. જેને તુરંત સ્વિકારી છેલ્લા પખવાડિયા કરતા વધુ સમયથી આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં સૌની યોજનાનાં ભરપૂર પાણી છોડવામાં આવી રહ્યા છે.અને હજુ પણ બંન્ને ડેમોમાં નર્મદાનિર છોડવાનું સિંચાઈ વિભાગે ચાલુ જ રાખ્યુ છે.અત્રે ઉલ્લેખનીય છે કે ઉનાળાને પૂર્વ તૈયારીનાં ભાગરૂપે આજી-ન્યારીમાં નર્મદાનિર છોડવામાં આવી રહ્યા છે. અને હવે આવતા ચોમાસા સુધી રાજકોટવાસી સૌને પાણીની કોઈ સમસ્યા નડે નહી તે માટે બંન્ને ડેમો ૧૦૦ ટકા ભરાઈ જાય ત્યાં, સુધી સિંચાઈ વિભાગ દ્વારા પાણી છોડવામાં આવનાર છે. દરમ્યાન રાજકોટ સિંચાઈ વિભાગના ઈજનેરી સૂત્રો માંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ આજી-ન્યારીમાં છેલ્લા પખવાડિયા કરતા વધુ સમયથી સૌની યોજનાનાં નિર છોડવામાં આવી રહ્યા છે. ત્યારે ભર શિયાળામાં આજની સ્થિતિએ બંન્ને ડેમો ૮૦ ટકા કરતા વધુ ભરાઈ ગયા છે.સિંચાઈ વિભાગનાં ઈજનેરી સૂત્રોનાં જણાવ્યા મુજબ આજની સ્થિતિએ આજી-૧ ડેમ ૮૪ ટકા ભરાઈ ગયો છે.હાલમાં ડેમમાં ૭૮૫ એમ.સી.એફ.ટી. પાણીનો જીવંત જથ્થો છે. અને ડેમની સપાટી ૨૬.૬૭ ફૂટે પહોંચી ગઈ છે. પ્રાપ્ત વધુ વિગતો મુજબ છેલ્લા પખવાડિયા દરમ્યાન જ આજી-૧માં ૩૧૫ એમ.સી. એફ.ટી.નવુનિર છોડાઈ ચુકયુ છે. અને હજુ પણ પાણીનો પ્રવાહ ચાલુ જ છે.જયારે, ન્યારી-૧ ડેમ આજની સ્થિતિએ ૮૨ ટકા ભરાઈ ગયો છે. અને ડેમની સપાટી ૨૩.૪૫ ફુટે પહોંચી જવા પામી છે.

# ૭૬મા ગણતંત્ર દિને ગુજરાતની તમામ પોસ્ટ ઓફિસમાં યોજાશે 'ડાક ચોપાલ'

## સરકારી સેવાઓ તમારા દ્વારે' હેઠળ ડાક ચોપાલ ખાતે નાગરિક-કેન્દ્રિત સેવાઓ થશે ઉપલબ્ધઃ પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ

રાજકોટઃ ભારતીય ડાક વિભાગ દ્વારા ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ ગુજરાત પરિમંડલમાં ૭૬મા ગણતંત્ર દિવસ નિમિત્તે દરેક પોસ્ટ ઓફિસમાં 'ડાક ચોપાલ'નું આયોજન કરવામાં આવશે.

રાજકોટના સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે, ડાક ચોપાલનો ઉદ્દેશ્ય સમાજના છેવાડાના વર્ગ સુધી આવશ્યક સરકારી અને નાગરિક-કેન્દ્રિત સેવાઓ પહોંચાડવાનો છે, જેનો લાભ ગુજરાતના લોકો અને તમામ લાભાર્થીઓને મળશે. કેન્દ્રીય સેવાઓની સાથે, રાજ્ય કક્ષાની વિવિધ સામાજિક અને કલ્યાણકારી યોજનાઓનો લાભ પણ એક છત નીચે મળી શકશે. 'સરકારી સેવાઓ તમારા દ્વારે' હેઠળ, નાણાકીય સેવાઓ, વીમા, પેમેન્ટ બેંક સેવાઓ, ડીબીટી, ઈ-કોમર્સ અને નિકાસ સેવાઓ સહિત તમામ નાગરિક-કેન્દ્રિત સેવાઓ વિશે જાગૃતિ



ફેલાવીને લોકોને લાભ આપવામાં આવશે. ડાક વિભાગે તેના કાર્યોનો વિસ્તાર કર્યો છે અને ડિજિટલ માધ્યમો દ્વારા તેની સેવાઓને વધુ સુલભ બનાવી છે. આ સ્થિતિમાં, ગણતંત્ર દિવસના શુભ અવસર પર, સમાજના છેવાડાના વ્યક્તિ સુધી ડિજિટલ ઈન્ડિયા, નાણાકીય સમાવેશ અને અંત્યોદયની સંકલ્પના સાથે જોડવા માટે ગુજરાતના વિવિધ સ્થળોએ ડાક ચોપાલનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમ નાગરિકોને સરકારી યોજનાઓ સાથે સીધા જોડવાનો એક અસરકારક માર્ગ સાબિત થશે તેમ શ્રી યાદવે ઉમેર્યું હતું. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે બદલાતા વાતાવરણમાં ડાક સેવાઓની બદલાતી ભૂમિકા પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે પત્રો અને પાર્સલ ઉપરાંત, ડાક વિભાગ બચત બેંક, પોસ્ટલ લાઈફ ઈન્શ્યોરન્સ, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, પાસપોર્ટ સેવા કેન્દ્ર, આધાર નોંધણી અને અપડેટ, કોમન સર્વિસ સેન્ટર, ડાક ઘર નિર્યાત કેન્દ્ર જેવા ઘણા જનમુખી કાર્યો કરવામાં આવી રહ્યા છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા, પોસ્ટમેન આજે મોબાઈલ બેંક તરીકે કાર્ય કરી રહ્યા છે. હેઠળ, ઘરે બેઠા બાળકો માટે આધાર કાર્ડ બનાવવું, મોબાઈલ અપડેટ, ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ, , બિલ ચુકવણી, દ્વારા બેંક ખાતામાંથી ચુકવણી, વાહન વીમો, આરોગ્ય વીમો, અકસ્માત વીમો, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના વગેરે જેવી વિવિધ સેવાઓનો ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા પોસ્ટમેનના માધ્યમથી ઘરે બેઠા પૂરી પાડવામાં આવી રહી છે.

# અશાંતધારાની આડમાં લઘુમતીને થતો અન્યાય દૂર કરવા કલેક્ટરને આવેદન

## જંગલેશ્વર, નિલકંઠ પાર્ક સહિતની સોસાયટીમાં મકાન ખરીદવાની અરજીનો દોઢ-બે વર્ષથી નિકાલ નહી



રાજકોટ તા.૨૧

ગુજરાત હાઈકોર્ટે વેચનાર અને ખરીદનાર સહમત હોય તો ત્રણ સપ્તાહમાં મંજુરી આપવા હુકમ કર્યો હોવા છતાં પ્રાંત અધિકારી કચેરીમાંથી મંજુરી નથી મળતા સ્વયંમ સૈનિક દળના આગેવાનોએ કલેકટરને આવેદનપત્ર આપી રજુઆત કરી છે.

આવેદનપત્રમાં ઈબ્રાહીમભાઈ સીરા, ઈરફાનભાઈ કુરેશી, અજીજભાઈ સમા સહિતના આગેવાનોના જણાવ્યા પ્રમાણે વોર્ડ નં.૧૬નાં જંગલેશ્વર, નીલકંઠ પાર્ક, વિવેકાનંદ સોસાયટી, સાગર સોસાયટીમાં વેચનાર હિન્દુ અને ખરીદનાર ફક્ત મુસ્લિમ હોવાથી પ્રાંત અધિકારીમાં અરજી કરી હોવા છતાં દોઢ-બે વર્ષ સુધી મંજુરી મળતી નથી અને હાઈકોર્ટના આદેશની અવગણના થઈ રહી છે. અશાંતધારાની આડમાં લઘુમતીને થતો અન્યાય દૂર કરવા અને સમગ્ર ગુજરાતમાંથી અશાંતધારો નાબુદ કરવા માંગણી કરી છે.

# વોર્ડ નં.૧૧માં ૧.૨૮ કરોડના ખર્ચે મેટલીંગ અને પેવીંગ બ્લોક કામ શરૂ કરાવતા પદાધિકારીઓ



રાજકોટઃ વોર્ડ નં.૧૧માં મોટી સ્કુલવાળો રોડ તથા સત્યજીત સોપાનવાળા રોડ પર રકમ રૂ.૫૨.૧૫ લાખના ખર્ચે પેવીંગ બ્લોક નાખવાનું કામ તથા પંચરત્ન પાર્ક તથા મોટા મૌવા વિસ્તારમાં રૂ.૭૬.૫૫ લાખના ખર્ચે મેટલીંગ કરવાનું કામ એમ મળી કુલ રૂ.૧૨૮.૭ લાખના ખર્ચેપેવીંગ બ્લોકતથામેટલીંગ કરવાના કામનું ખાતમુહૂર્ત ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ તથા દંડક મનિષભાઈ રાડીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભરતભાઈ શિંગાળા, કોર્પોરેટર રણજીતભાઈ સાગઠીયા, વિનોદભાઈ સોરઠીયા, ભારતીબેન પાડલીયા, હિરેનભાઈ મૂંગપરા, મહેશભાઈ પીપળીયા, અગ્રણી મનહરભાઈ બાબરીયા, ફર્નાન્ડીઝભાઈ પાડલીયા, પ્રવિણભાઈ પાઘડાર તથા લતાવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એઈમ્સના ફોરેન્સિક વિભાગ દ્વારા સી.એમ.ઈ. યોજાઈ ભારત સહિત ૬ દેશના તબીબો જોડાયા

## ઈરાક, મલેશિયા, નેપાળ, શ્રીલંકા, સુદાન, મળી ૭૦૦થી વધુ ડોકટરે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું




રાજકોટ, તા.૨૧

એઈમ્સ રાજકોટમાં ફોરેન્સિક મેડિસિન ડિપાર્ટમેન્ટ ક્લિનિકલ પ્રેક્ટિસમાં મેડિકો-લીગલ કેસના મેનેજમેન્ટ વિષય પર નેશનલ સી.એમ.ઈ.નું આયોજન કરવામાં આવ્યું હતું. ફોરેન્સિક વિભાગના હેડ પ્રો. ડો.સંજય ગુપ્તા (ડીન) અને એસોસિયેટ પ્રો.ડો. ઉત્સવ પારેખ દ્વારા આ નેશનલ ટ્રેનિંગનું આયોજન કરાયું હતું. આ ટ્રેનિંગ મેળવવા માટે દેશોના વિવિધ રાજ્યોમાંથી તેમજ ૬થી વધુ દેશો એટલે કે, ભારત, ઈરાક, મલેશિયા, નેપાળ, શ્રીલંકા, સુદાન, વગેરેમાંથી ૭૭૦થી વધુ ડોક્ટર્સે રજિસ્ટ્રેશન્સ કરાવ્યા હતા. એક્ઝિક્યુટિવ ડાયરેક્ટરે સી.એમ.ઈ.નું ઉદ્દઘાટન કર્યું હતું. ક્લિનિકલ પ્રેક્ટિસમાં વધતા જતા ડોક્ટરો પરના આરોપો અને કોર્ટ કેસ જેવા લીગલ પ્રશ્નો વિષે આ પ્રકારના ટ્રેનિંગ પ્રોગ્રામના મહત્વ અને સુસંગતતા પર ભાર મૂક્યો હતો. આ ટ્રેનિંગ નો ઉદ્દેશ્ય ક્લિનિકલ પ્રેક્ટિસમાં આવતા વિવિધ કાનૂની મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે એક મંચ પૂરો પાડવાનો હતો. તબીબી પ્રેક્ટિશનરો તેમની સંબંધિત વિશેષતામાં નિષ્ણાત હોય છે .

પરંતુ ક્લિનિકલ પ્રેક્ટિસના કાયદાકીય પાસાઓ વિશે વધુ જાણતા હોતા નથી, તેથી આ જાગૃતિના અભાવે તેમની સામે ખોટા આરોપો અને કોર્ટ કેસ વધી રહ્યા છે. આ તકે ઓર્ગેનાઈઝિંગ ચેરમેન અને ડીન એકેડમિક પ્રો.ડો. સંજય ગુપ્તા, પ્રો. ડો. દિનેશ રાવ (એઈમ્સ જમ્મુ)એ મેડિકલ નેગ્લિજન્સ પર સેશન લીધું હતું, પ્રો. ડો. કૃષ્ણદત્ત ચાવલી (એઈમ્સ રાયપુર) એ મેડિકો લીગલ કેસોના મેનેજમેન્ટ પર અને પ્રો. ડો.જયંતિ યાદવે (એઈમ્સ ભોપાલ) ક્લિનિકલ પ્રેક્ટિસમાં કન્સેન્ટ પર માર્ગદર્શન આપ્યું હતું. એઈમ્સ રાજકોટ ફોરેન્સિક વિભાગના એસોસિયેટ પ્રોફેસર અને ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડો. ઉત્સવ પારેખએ સહભાગી ડોક્ટર્સના વિવિધ જટિલ પ્રશ્નો ઉઠાવ્યા જેનું વિવિધ એઈમ્સના ફોરેન્સિક એક્ષપર્ટ્સ દ્વારા નિરાકરણ કરવામાં આવ્યું હતું.

# ગૌરક્ષક-ધર્મરક્ષક વીર દાદા જશરાજ

ભારતની ભુમિ એ શોર્યઁભુમિ છે. સંતોના પગરવથી પવિત્ર થયેલી આ ભૂમિ છે. દેશની સંસ્કૃતિ તથા હિંદુ ઘર્મને બચાવવા કેટલાય શુરવીરોએ પોતાની જાતનેન્યોછાવર કરી છે. એવા એક શુરવીર યોધ્ધા સુર્યવંશના વંસંજ લોહરાણા કુળમા જન્મેલા લોહરગઢના મહારાણા વીરદાદા જસરાજ ને તેમના શોર્યદિને યાદ કરીયે.

૨૨ જાન્યુઆરીના રોજ વીરદાદા જશરાજ શોર્યઁદિન છે. લોહરાણા દાદા જસરાજ નુ જન્મ સ્થળ લોહર કોટ. લોહ એટલે લોખંડ જેવા મજબુત. લોહરાણાઓ કે જેમણે ત્રણસો વર્ષ પર્યન્ત ભારત દેશ ની ચોકીદારી કરી. શુરવીરતા, સમર્પણતા, કરત્ર્ણા અને કોઈના દુઃખ મા ભાગ લેવો એ વર્ષોથી લોહરાણાઓની પરંપરા રહી છે.

રાજા વસ્તુપાળ અને રાણી વીરકોર ના પાટવી કુંવર મોટા પુત્ર વસ્તરાજ ઉર્ફે વચ્છરાજ દાદા અને નાના પુત્ર વીર જસરાજ જેમનો જન્મ ઇ.સ. ૧૦૩૨, વિક્રમ સવંત ૧૦૮૭, હીજરી સન ૪૨૨ માં થયો. બન્ને ભાઇ બાલ્યાવસ્થાથીજ વીર, તેજસ્વી અને ઘોડેસવારી માં નિપુણ હતા અને વીર યોધ્ધા તરીકે ઓળખાતા હતા.એ સમયમા હિંદુ ધર્મ અને સંસ્કૃતિ નો નાશ કરવાની મહેચ્છા ધરાવતા વિધર્મીઓનો ખુબ વધારે ત્રાસ હતો. ભારતવર્ષમા કેટલાય વર્ષોથી સિંધમા વસતા ચોવીસીના લોહાણા મહારાણાઓ હિંદુ સંસ્કૃતિને માટે, ધર્મને માટે ગમેતે કરવા તૈયાર થતા. અને સામે વિધર્મીઓ અધર્મ ને માટે ગમે તે કરતા હતા. છળકપટ અને પીઠ પાછળ ઘા કરવો તેમનો સ્વભાવ હતો. લોહર કોટ ના એ સમય ના રાણા શ્રી વસ્તુપાળ નો ઇસ્લામીક રાજા બીસમારગીન ઇરાની અને દુરાની જેવા વિધર્મીઓ એ ગાયોને સામે રાખી ને છળકપટ થી વધ કરતા, તા. ૧૫-૦૧-૧૦૪૮ ને શુક્રવાર વિક્રમ સવંત ૧૧૦૩, હીજરી સન ૪૩૯ ના દીને કુવંર વચ્છરાજ ને લોહર કોટ ના નવા મહારાણા તરીકે સ્થાપિત કરાયા. પરન્તુ એક પગે અપંગતા હોવાથી દીલાવર દીલ ના વચ્છરાજ દાદા એ જાતે પોતાના નાના ભાઇ જસરાજ ને રાજતીલક કરી લોહર કોટ ના નવા મહારાણા ની જાહેરાત કરી.મહારાણા વસ્તુપાળે જસરાજ ના માથા પર હાથ ફેરવ્યો, કઇ બોલી તો ન શક્યા પરંતુ કાબુલની દિશા તરફ પોતાની આંગળીથી નિર્દેશ કર્યો ત્યારે જસરાજ સમજી જાય છે અને હાથમા પાણી લઇ પ્રતિજ્ઞા લીધી કે તમારા સપનાને હુ પુરા કરીને જંપીશ. અમે વિધર્મીઓને હરાવીને જ જંપીશુ. દાદા જસરાજ અને તેમના સેનાપતિ સિંધુદેવ શર્મા બન્ને સોદાગરો જેવો વેશપલટો કરી કાબુલમા પ્રવેશ કરે છે. ત્યા જણાય છે કે, કાબુલના જલાલ ખાન નામના વિધર્મીએ લોહરગઢના જસરાજને જીવતો પકડે કે મારે તેને દસ લાખ અસરફીઓ નુ ઇનામ જાહેર કર્યુ. દાદા જસરાજ સોદાગર ના વેશમા જલાલખાન ને મળ્યા અને કહ્યુ હુ જસરાજને અત્યારે હાજર કરુ તો.. કેવીરીતે? જલાલે પુછ્યુ. ત્યારે દાદા જસરાજ પોતાના અસલી રુપમા આવ્યા અને તેમની વચ્ચે ખુંખાર જંગ શરૂ થયો. જલાલખાન નો વધ કરીને વિધર્મીઓને હરાવ્યા, કાબુલ ના કિલ્લા ઉપર વિજય ધ્વજ ફરકાવ્યો. આ પછીતો ઘણા સમય સુધી લોહરાણાઓ એ વિધર્મીઓને અટકાવ્યા. જેટલો ત્યાગ ગુરુ ગોવિન્દ સિન્હ મા હતો, જેટલો શોર્ય મહારાણા પ્રતાપ મા હતુ કે જેટલુ સાહસ વીર શિવાજી મા હતુ તેટલીજ શક્તિ , સાહસ અને શોર્ય સુર્યવંશી રાણા જસરાજ મા હતુ.



સમયજતા કુંવર જસરાજ ની સગાઈ ઉનડકોટના રાણા રઘુપાલ ઉનડકોટની દીકરી હરમાકુમારી સાથે થઈ હતી. વસંતપંચમીના દિવસે જયારે જસરાજજીના લગ્નનો દિવસ હતો એ દિવસે જ મલેચ્છ સેનાએ કંદહાર અને હિંદુકુશના રસ્તેથી આવી ઉનડકોટની નજીક જ આવેલ લાતુરગઢ ઉપર હુમલો કર્યો. ઉનડકોટમા મહારાણા જસરાજના લગ્ન મા બધા મગ્ન હતા.મલ્લેછોએ ઉનડકોટની ગાયોનુ હરણ કરી લીધૂ હતુ. એક ગોવાળે આ સમાચાર સેનાપતિ સિંધુદેવ શર્માને આપ્યા. તેઓ એ પોતાના અંગત સાથીદારોને સાથે લઇ વિધર્મીઓની સામે બાથે ભીડ્યા. વિધર્મીઓએ ગાયોને સામે રાખી હતી હવે જો તેઓ શસ્ત્ર ઉપાડે, સામો પ્રહાર કરે તો ગાયોનુ મ્રુત્યુ થાય માટે તેઓએ હાથબળથી યુધ્ધ કર્યુ અને વિરગતી પામ્યા. સેનાપતિ સિંધુદેવ શર્માનુ શવ ઘોડા ઉપર આવે છે. દાદા જસરાજ સહિત બધાની આંખોમા આંસુ આવી જાય છે. તેમની મોટી બહેન હરકૌર પાબારુની વિનંતીથી લગ્નવેદીના ચાર ફેરા તો ફરે છે પરંતુ પોતાની પત્ની હરમાકુમારીની સંમતિથી જ લગ્ન પછી તરત જ ગાયોના રક્ષણ માટે યુધ્ધે ચડે છે. તેની બહેન હાર્કોરે પણ મદદ કરી.

જોકે, આખરે કાબુલનો દુશ્મન પરાજિત થયા, અને જશરાજ વિજયી થયા. લોહર સૈનિકના વેશમાં આવેલ એક શત્રુએ લગ્નની ખુશાલીમાં જસરાજ ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી વંદન કરી દગાથી જસરાજની ગરદન ઉપર સાંગ મારી માથું ઉતારી દીધું. જસરાજ નું માથા વિનાનું ધડ પણ ઝનૂનથી લડે છે. ત્યારથી તેઓ લોહાણા અને ભાનુશાલીઓ દ્વારા વીરદાદા જશરાજ કુળદેવતા તરીકે પૂજાતા આવ્યા છે અને તેની બહેન હરકોરની લોહાણા કુળ દ્વારા કુળદેવી તરીકે પૂજા કરવામાં આવે છે. મહારાણા પ્રતાપ ના ચેતક ઘોડાની જેમ દાદા જસરાજનો પ્રિય અશ્વ લાલુ હતો જેમની ખાંભી આજે ઉનડકોટમા જોવા મળે છે. આ સમયે એક શોર્યગીત ની પંક્તિ જરુરથી યાદ આવે.. ધન્ય ઘરા ભારતની કે જયા રતન પાકતા આવા મોટાભાઈ મહારાણા દાદા વચ્છરાજ પોતાના ભાઈ જસરાજ ના આત્માને શાંત કરવા પૃતિજ્ઞા લે છે કે જસરાજ અમે તારી શહીદી ને અમર રાખીશુ, અને અમે લોહાણા લગ્નમા ખભે સફેદ ખેશઉપર કંકુ છાંટણા કરીશું અને લોહરાણી ઓ સફેદ પાનેતર પહેરી ને તમારી શહીદીને સદીયો સુધી અમર રાખીશું, ઈ.સ.૧૦૫૮ની ૨૨ જાન્યુઆરી એ વિકૃમ સંવત ૧૧૧૪ ના મહાસુદ પાંચમવસંત પંચમીની સાંજે ઉનડકોટના લાતુરી દરવાજા બહાર લોહરગઢના છેલ્લા મહારાણા વીરદાદા જસરાજ ની અંત્યેષ્ઠિવિધિ કરવામાં આવે છે. ગાયોની રક્શા કાજે પોતાના દેહ નુ બલિદાન આપનાર શુરવીર વીરદાદા જસરાજ ની પૂણ્યસ્મૃતિમાં ૨૨ જાન્યુઆરી શહિદદીન કે શૌર્યદિન તરીકે દેશ-વિદેશ મા ઉજવાય છે.

ૐકારા

કર્મ એજ ધર્મ

સનાતન એજ સત્ય

આત્મા એજ પરમાત્મા




## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

: સ્થાપક :

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**ક્યારેક તમારા એ ખરાબ સમયનો પણ આભાર માનજો,**
**કેમ કે એણે જ તમને મુશ્કેલીઓ સામે લડતા શીખવ્યું છે !!**
**કર્મો પ્રત્યે સજાગ રહીએ...**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


રામમંદિર ને એક વર્ષ પુર્ણ થતા ઉજવણી નિમિતે ૯ દિવસ નું ભવ્ય આયોજન કરેલ છે.
શ્રી સનાતન ધર્મ રક્ષક સમિતિ
શ્રી વિજયભાઈ વાંક
ભરતભાઈ દોશી
રક્ષિત કલોલા
હાર્દિકસિંહ રાઠોડ
શ્રી સનાતન ધર્મ રક્ષક સમિતિ
સ્થળ
અટલ સરોવર
Royal Rajwadi
Rangilu Rajkot
રાજકોટ બનશે રામમય
૧૮ થી ૨૬ જાન્યુઆરી
સમય: ૪ થી ૧૧
૧૦૦૮ બાળકો શ્રીરામ બનીને બનાવશે વર્લ્ડ રેકોર્ડ
શ્રી રામ


RAR Foundation
॥ જય માતાજી ॥
॥ જય માં આશાપુરા ॥
સ્વ. મહિપતસિંહજી ભાવુભાબાપુ જાડેજા-રીબડા
માજી ધારાસભ્યશ્રી - ગોંડલ
ની દ્વિતીય પુણ્યતીથીના સ્મરણાર્થે
થેલેસેમિયા તથા ગંભીર બીમાર દર્દીઓ માટે
મહા
દ્વિતીય
રક્તદાન કેમ્પ
1 ફેબ્રુઆરી 2025, શનિવાર
સમય
સવારે ૯:૦૦ થી બપોરે ૨:૦૦ કલાક સુધી
સ્થળ
શ્રી મહિરાજ બજરંગબલી મંદિરની પાછળ નેશનલ હાઈવે, રીબડા.
રાજદિપસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા રીબડા
સંસ્થાપક : RAR ફાઉન્ડેશન ભારત

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Daily Morning Newspaper

ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...

તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના
વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
વોટ્સએપ પર
Hi લખીને મોકલો
98983 17826
અને જોડાઇ જાવ અમારી સાથે...







SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

| 2 BHK Flats | 3 BHK Flats |
|---|---|
| 618 Carpet | 824 Carpet |

એકવાર સેમ્પલ ફલેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**

# લાઈફ ટાઈમ*

# ડિમેટ એકાઉન્ટ ફ્રી

AM TRADING

## ફ્રી એડવાઈઝરી

EQUITY STOCK

IPO/SME IPO

OPTION TRADING

NIFTY BANK NIFTY

COMODITY

CURRANCY



દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.

**Mayuri Bagadai**

63555 17630

AM trading

am_trading71

Design by:- With Me Digital : 9537300305


RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યક્તિઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યક્તિગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેક્ટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાક્યો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
"શ્રી હરી કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062